dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 261 | AD - 2026, Jeth Sud -13 | Saturday, Dt. 27-06-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


**પ્રયાગરાજ આખા દેશમાં સૌથી ગરમ શહેર તરીકે નોંધાયું, લોકો પરસેવે રેબઝેબ**

## દેશના અનેક રાજયોમાં ભારે વરસાદ તો ક્યાંય ગરમીનો હાહાકાર

જયપુર,તા.૨૬

દેશના અનેક રાજયોમાં ભારે વરસાદ તો ક્યાંય ગરમીનો હાહાકાર મચી રહ્યો છે.રાજસ્થાનમાં ચોમાસાની બહુ જ પ્રતીક્ષા લોકો કરી રહ્યા હતા તેવામાં ગુરુવારે જયપુરમાં અચાનક બહુ જ ભારે વરસાદ તૂટી પડ્યો હતો. લગભગ અડધા કલાકની અંદર જ ત્યાં પચાસ એમએમ જેટલો વરસાદ પડી ગયો એનાથી રસ્તાઓ બધા પાણી પાણી થઈ ગયા હતા. રસ્તા પર પાણી ભરાઈ જવાને કારણે ઘણા વાહનો રસ્તાની વચ્ચે જ બંધ પડી ગયા હતા અને લોકોને ધક્કા મારવા પડ્યા. એટલું જ નહીં પણ ઘણી બધી દુકાનો અને મકાનોની અંદર પણ વરસાદનું ગંદુ પાણી ઘૂસી ગયું હતું જેનાથી નુકસાન થયું.

બીજી બાજુ કોલકાતામાં પણ કંઈક આવો જ હાલ જોવા મળ્યો હતો જ્યાં બપોરે લગભગ એક કલાક સુધી જોરદાર વરસાદ પડ્યો એનાથી શહેરના મોટા મોટા મુખ્ય રસ્તાઓ પર એક એક ફૂટ જેટલા પાણી ભરાઈ ગયા હતા. કોલકાતાની પ્રખ્યાત એસએસકેએમ હોસ્પિટલની અંદર સુધી પાણી ઘૂસી ગયું એટલે દર્દીઓ અને તેમની સાથે રહેલા સંભાળ રાખનારા લોકોને બહુ જ મોટી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.વરસાદને કારણે અકસ્માતોની બહુ મોટી આશંકાને ધ્યાનમાં રાખીને મધ્ય પ્રદેશના ઈન્દોરમાં ૧૫ જેટલા પર્યટન સ્થળોમાં ૨૨ ઓગસ્ટ સુધી લોકો માટે પ્રવેશ બંધ કરી દેવામાં આવ્યો છે જેથી કોઈ હોનારત ન થાય. રાજ્યના શાજાપુરમાં ગુરુવારે




અચાનક વીજળી પડવાને કારણે એક ગરીબ વૃધ્ધ માણસનું મોત નીપજ્યું હતું. હવામાન વિભાગે જણાવ્યા મુજબ આગામી બે થી ચાર દિવસની અંદર ચોમાસું આખા રાજ્યને પોતાની અંદર આવરી લે એવી શક્યતા છે.આ તરફ યુપી એટલે કે ઉત્તર પ્રદેશમાં ચોમાસું આઠ દિવસ જેટલું મોડું ચાલી રહ્યું છે. સામાન્ય રીતે તે વીસ જૂન સુધીમાં આવી જતું હોય છે પરંતુ આ વખતે પંદર દિવસથી તે બિહારની બોર્ડર પર જ અટકીને બેસી ગયું છે આગળ વધતું જ નથી. રાજ્યના આઠ જિલ્લાઓમાં ગુરુવારે ભારે હીટવેવ જેવી ગરમ સ્થિતિ રહી હતી. ચોમાસાએ ચોવીસ જૂને મધ્ય પ્રદેશમાં પ્રવેશ તો કર્યો હતો અને પંદર જિલ્લાઓને આવરી પણ લીધા હતા પરંતુ ચોમાસું આનાથી આગળ બિલકુલ વધ્યું નથી. જોકે આજે પિસ્તાલીસ જિલ્લાઓમાં ભારે વાવાઝોડા અને વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આગામી બે દિવસમાં ચોમાસું ભોપાલ અને ઉજ્જૈન સંભાગની અંદર ગમે ત્યારે પ્રવેશી શકે છે.પ્રયાગરાજ આખા દેશમાં સૌથી ગરમ શહેર તરીકે નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ઉત્તર પ્રદેશમાં અઠ્ઠાવીસ જૂને ચોમાસાનો સત્તાવાર પ્રવેશ થઈ શકે છે તેવી આશા છે. ગુરુવારે આખા રાજ્યની અંદર કાળા ડીબાંગ વાદળો છવાયેલા રહ્યા હતા અને ઘણા બધા જિલ્લાઓમાં પ્રી-મોન્સુન વરસાદ પણ ચાલુ થઈ ગયો હતો જે સારી વાત છે.પરંતુ બીજી તરફ રાજ્યમાં હીટવેવની પણ બહુ મોટી અસર જોવા મળી રહી છે. પ્રયાગરાજમાં મહત્તમ તાપમાન છેક તેતાલીસ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું જે આખા દેશની અંદર સૌથી વધારે ગરમ તાપમાન હતું અને લોકો ગરમીથી બહુ જ વ્યાકુળ થઈ ગયા હતા. ચોમાસું ક્યારે આવશે તેની રાહ સૌ કોઈ જોઈ રહ્યા છે જેથી ગરમીથી રાહત મળે.

## અયોધ્યા રામ મંદિરમાં દાન ચોરી મામલે નવા ખુલાસા, આઠ આરોપીઓ ઝડપાયા

અયોધ્યા,તા.૨૬

અયોધ્યાના રામ મંદિરમાં દાન ચોરી મામલે તપાસ દરમિયાન સતત નવા ખુલાસા થઈ રહ્યા છે. તપાસ માટે રચાયેલી વિશેષ તપાસ ટીમે ૨૭ એપ્રિલથી ૫ જૂન સુધીના નજરકેદ દશ્યોની ઝીણવટભરી તપાસ કરતાં દાનની ગણતરી અને સંચાલનમાં મોટા પાયે ગેરરીતિઓના પુરાવા મેળવ્યા છે. આ મામલે અત્યાર સુધીમાં આઠ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને વધુ તપાસ ચાલુ છે.તપાસ દરમિયાન દાનની રોકડ રકમની ગણતરી કરવામાં આવતી વ્યવસ્થામાં અનેક ખામીઓ સામે આવી છે. દાન અને ભેટની નોંધણી, તેની ગણતરી તેમજ સુરક્ષિત સંભાળ માટે પૂરતી અને વિશ્વસનીય વ્યવસ્થા ન હોવાનો ખુલાસો થયો છે. તપાસ ટીમને મળેલા પુરાવાઓના આધારે સંબંધિત લોકો સામે કડક કાર્યવાહી શરૂ



કરવામાં આવી છે.પ્રાથમિક તપાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે દાનની ગણતરીના રેકોર્ડ યોગ્ય રીતે જાળવવામાં આવતા ન હતા. ભેટ અને ચઢાવાની વસ્તુઓના સંચાલન માટેની આંતરિક વ્યવસ્થા પણ નબળી હોવાનું સામે આવ્યું છે.






## ઝારખંડના રામગઢ જિલ્લામાં બે વાહનો વચ્ચે અકસ્માતમાં ૭ના મોત

રામગઢ,તા.૨૬

ઝારખંડના રામગઢ જિલ્લામાં ગુરુવારે મોડી રાત્રે ભીષણ માર્ગ અકસ્માત સર્જાતા સાત લોકોના કરુણ મોત થયા હતા, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયો છે. અકસ્માત રજરપ્પા પોલીસ મથક વિસ્તારના લારી-બરલૌંગ નજીક રામગઢ-બોકારો રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર થયો હતો. કોલસાથી ભરેલા ભારે વાહને મુસાફર વાહનને જોરદાર ટક્કર મારતા વાહનનો કચરઘાણ નીકળી ગયો હતો.મૃતક તમામ લોકો બેન્ડ-તાશા મંડળી સાથે સંકળાયેલા હતા. તેઓ એક કાર્યક્રમ



માટે જઈ રહ્યા હતા. માહિતી મુજબ, વાહનમાં કુલ આઠ લોકો સવાર હતા. તેઓ રામગઢથી મારગામરચા પહોંચ્યા બાદ બલસગરા તરફ જઈ રહ્યા હતા, જ્યાંથી અન્ય સાથીદારોને સાથે લઈને બિહારમાં યોજાનારા કાર્યક્રમમાં ભાગ લેવાનો હતો. પ્રાથમિક માહિતી અનુસાર, સામેથી આવી રહેલા કોલસાથી ભરેલા ભારે વાહને આગળ નીકળવાના પ્રયાસ દરમિયાન મુસાફર વાહનને અડફેટે લીધું હતું. ટક્કર એટલી જોરદાર હતી કે સાત લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થતાં તેને સારવાર માટે રાંચી મોકલવામાં આવ્યો છે.

ભારે વાહનનો ચાલક અકસ્માત બાદ વાહન છોડીને ફરાર થઈ ગયો હતો. સ્થાનિક લોકોએ તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી અને પોલીસને જાણ કરી હતી. ગ્રામજનોની મદદથી વાહનમાં ફસાયેલા લોકોને બહાર કાઢવામાં આવ્યા.શરૂઆતમાં મૃતદેહ હટાવવા મુદ્દે થોડો હોબાળો થયો હતો, પરંતુ પ્રશાસને સમજાવટ કરતાં સ્થિતિ શાંત બની હતી. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.


## મહેશ દીક્ષિત ઈન્ટેલિજન્સ બ્યુરોના નવા ડીરેક્ટર બન્યા, તપન ડેકાનું સ્થાન લેશે

નવી દિલ્હી,તા.૨૬

કેન્દ્ર સરકારે ઈન્ટેલિજન્સ બ્યુરો (IB)ના નવા ડિરેક્ટર તરીકે મહેશ દીક્ષિતની બે વર્ષ માટે નિમણૂક કરી છે. તેઓ ૩૦ જૂન ૨૦૨૬ના રોજ કાર્યકાળ પૂર્ણ કરી રહેલા તપન કુમાર ડેકાનું સ્થાન લેશે. મહેશ દીક્ષિત ૧૯૯૩ બેચના આંધ્ર પ્રદેશ કેડરના આઈપીએસ અધિકારી છે અને હાલમા IBમાં સ્પેશિયલ ડિરેક્ટર તરીકે ફરજ બજાવી રહ્યા હતા. તેઓ એજન્સીના બીજા સૌથી વરિષ્ઠ અધિકારી



તરીકે મહત્વપૂર્ણ જવાબદારીઓ સંભાળી ચૂક્યા છે. અગાઉ તેઓ જમ્મુ-કાશ્મીરમાં સબસિડિયરી ઈન્ટેલિજન્સ બ્યુરો (SIB)ના વડા તરીકે પણ કામગીરી કરી ચૂક્યા છે. આતંકવાદ વિરોધી કામગીરી અને ગુપ્તચર ઓપરેશનમાં તેમને લાંબો અનુભવ છે. નિવર્તમાન ડિરેક્ટર તપન કુમાર ડેકા ૧૯૮૮ બેચના હિમાચલ પ્રદેશ કેડરના આઈપીએસ અધિકારી છે. તેઓ જુલાઈ ૨૦૨૨થી ઈન્ટેલિજન્સ બ્યુરોના વડા તરીકે સેવા આપી રહ્યા હતા. તેમના કાર્યકાળ દરમિયાન કેન્દ્ર સરકારે તેમને બે વખત સેવા વિસ્તરણ પણ આપ્યું હતું. હવે મહેશ દીક્ષિત દેશની આંતરિક સુરક્ષા અને ગુપ્તચર વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાની જવાબદારી સંભાળશે.




સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શનિવાર, તા.૨૭-૦૬-૨૦૨૬

# અમરેલી રૂરલ પોલીસે મિલકત સંબંધી ગુનામાં સંડોવાયેલ ઈસમે પાસા હેઠળ મહેસાણા જેલ મોકલ્યો

અમરેલી,તા.૨૬

અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ ગુનાખોરી પર અંકુશ લાવવા માટે પોલીસ તંત્ર દ્વારા અસામાજિક અને મિલકત સંબંધી ગુનાઓમાં સંડોવાયેલા તત્વો સામે કડક આઈની કાર્યવાહી કરવામાં આવી રહી છે, જેના ભાગરૂપે આ પાસા હેઠળની અટકાયત કરવામાં આવી છે.

અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર ઓ.કે. જાડેજાએ મિલકત સંબંધી ગુનાઓમાં સંડોવાયેલા એક ઈસમ વિરૂધ્ધ પાસા (PASA) દરખાસ્ત તૈયાર કરી હતી. અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજ દ્વારા આ દરખાસ્ત મંજૂર



કરવામાં આવતા પાસા વોરંટની બજવણી કરવામાં આવી છે. પકડાયેલ આરોપી ચીમન ઉર્ફે રાકેશ માધુભાઈ બાગડીયા (ઉંમર વર્ષ ૧૯, મૂળ રહે. મધ્યપ્રદેશ, હાલ રહે. નેસડી, તા. સાવરકુંડલા) ને સુરક્ષાના પગલારૂપે મહેસાણા જિલ્લા જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો છે.

# સાવરકુંડલામાં મહોરમના તાજીયા સાથે કોમી એકતાનું અનોખું દશ્ય, પોલીસનો ચુસ્ત બંદોબસ્ત

સાવરકુંડલા,તા.૨૬


અમરેલી જિલ્લામાં મહોરમ નિમિત્તે હઝરત ઈમામે હુસૈનની યાદમાં આશુરાના દિવસે સાવરકુંડલા રાત્રે તાજીયા પડમાં આવ્યા હતા. મુસ્લિમ બિરાદરોએ તાજીયાના દીદાર કરી માનતાઓ પૂર્ણ કરી હતી, જ્યારે હિન્દુ સમાજના લોકોએ પણ આસ્થાપૂર્વક માથું ટેકવી કોમી



એકતાનો સંદેશ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન એસપી સંજય ખરાત, ડીવાયએસપી વિરલ ચંદન, પી.આઈ. સોલંકી, એલસીબી, એસઓજી અને પોલીસના અન્ય અધિકારીઓ ચુસ્ત બંદોબસ્તમાં તૈનાત રહ્યા હતા. લીમડી ચોક ખાતે સરકાર મુનિરબાપુ કાદરીની દુઆ સાથે પોલીસ અધિકારીઓનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. શહેરના સિપાહી જમાત, નેરડી વિસ્તાર, ખાટકીવાડ, મણિનગર, બગદાદનગર અને સંધિચોક સહિતના વિસ્તારોમાંથી કલાત્મક તાજીયાઓ નીકળ્યા હતા. ઢોલના તાલે યુવકોએ પરંપરાગત રમતો રજૂ કરી હતી.

# બગસરામાં ૬૫ તાજીયાઓને ઠંડા કરી નિયત જગ્યાએ મુકાયા

બગસરા,તા.૨૬



બગસરામાં મુસ્લિમ બિરાદરો દ્વારા મોહરમ પર્વની શ્રધ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. પર્વ નિમિત્તે નાના-મોટા અંદાજિત ૬૫ તાજીયા પરંપરા મુજબ ઠંડા કરવામાં આવ્યા હતા. શહેરના વિવિધ વિસ્તારોમાંથી આવેલા તાજીયા બપોરે વિજય ચોક ખાતે એકત્ર થયા હતા. ત્યારબાદ રાત્રિના સમયે તમામ તાજીયાને જેતપુર રોડ પર આવેલી નિર્ધારિત જગ્યાએ ગોઠવવાની પરંપરાગત વિધિ હાથ ધરવામાં આવી હતી.

# બગસરાના મોટા મુંજીયાસર ખાતે તાલીમ શિબિરમાં ૫૦થી વધુ પ્રગતિશીલ ખેડૂતો જોડાયા

અમરેલી,તા.૨૬

અમરેલી સ્થિત કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ દ્વારા મોટા મુંજીયાસર ગામે ખરીફ ઋતુના પાક નિદર્શન તથા જીવામૃત-બીજામૃતના લાઈવ ડેમોન્સ્ટ્રેશન સાથે પ્રાકૃતિક કૃષિ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં ૫૦થી વધુ પ્રગતિશીલ ખેડૂતોએ



ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.કાર્યક્રમ દરમિયાન કૃષિ નિષ્ણાતોએ મિશ્રપાક પધ્ધતિ અંગે પ્રાયોગિક માર્ગદર્શન આપ્યું હતું. એક જ ખેતરમાં વિવિધ પાકોનું વૈજ્ઞાનિક આયોજન કરવાથી જમીનની ફળદ્રુપતા જળવાઈ રહે છે, ખેતી ખર્ચ ઘટે છે અને ખેડૂતોની આવકમાં વધારો થાય છે તેવી માહિતી આપવામાં આવી હતી. ખેડૂતોને બીજામૃત, જીવામૃત, ઘન જીવામૃત અને કુદરતી જીવાત નિયંત્રણ પધ્ધતિઓનું લાઈવ નિદર્શન પણ કરાવવામાં આવ્યું હતું.

# જાફરાબાદના કડીયાળી ગામે શાળા પ્રવેશોત્સવની ઉજવણી

અમરેલી,તા.૨૬



તસવીર : બાબુભાઈ વાટેળ

જાફરાબાદ તાલુકાના કડીયાળી ગામે કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ગાંધીનગરના વુમન વેલ્ફેર ડિરેક્ટર તથા ગુજરાત વુમન ઈકોનોમિક ડેવલપમેન્ટ કોર્પોરેશનના મેનેજિંગ ડિરેક્ટર IAS પુષ્પાબેન નીનામા મુખ્ય અતિથિ રહ્યા હતા. દીપ પ્રાગટ્યથી કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. પ્રસંગે તાલુકાના અધિકારીઓ, ગ્રામ પંચાયતના આગેવાનો અને સામાજિક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# બાબરાના કરણુકી ગામે કોળી સમાજનું વિદ્યાર્થી સંમેલન યોજાયુ

બાબરા,તા.૨૬

બાબરા તાલુકાના કરણુકી ગામે કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષસ્થાને કોળી સમાજના વિદ્યાર્થીઓનું ભવ્ય સંમેલન યોજાયું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, અગ્રણીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીશ્રીએ યુવાઓને શિક્ષણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા, વ્યસનો તથા કુરિવાજોથી દૂર રહેવા અને સામાજિક તેમજ રાજકીય ક્ષેત્રે સંગઠિત થવા



હાકલ કરી હતી. તેમણે ઉમેર્યું કે શિક્ષિત અને જાગૃત યુવા પેઢી જ સમાજના વિકાસનો સાચો પાયો છે. આ પ્રસંગે શંકરભાઈ વેગડ, અમરશીભાઈ વાઘેલા, નીતિનભાઈ રાઠોડ, ટી.ડી.ઓ., સરપંચ મુન્નાભાઈ મકવાણા અને વિપુલભાઈ કાચેલા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

# અમરેલીની શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ટ્રાફિક જાગુતિ અને નશામુક્તિ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨૬



શિક્ષણ, સંસ્કાર અને રાષ્ટ્રીયતા માટે જાણીતા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં તારીખ ૨૫/૬/૨૬ ના રોજ વિદ્યાર્થીઓમાં ટ્રાફિક અવેરનેસ વધે તે હેતુથી એક સુંદર કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા ટ્રાફિક શાખાના પીએસઆઈ એચ.જે. બરવાડિયા મેડમે ખાસ ઉપસ્થિત રહીને વાહનચાલકો ટ્રાફિકના નિયમોનું પાલન કરે તે માટે વિસ્તૃત માહિતી આપી હતી. તેમની સાથે હેડ કોન્સ્ટેબલ એચ.એસ. સોલંકી અને ટીઆરબી પીયુષભાઈ કાલેણા પણ હાજર રહ્યા હતા.

## ખાંભાના ચતુરી ગામે વનમંત્રીએ પીડિત પરિવારને સાંત્વના આપી



ખાંભા તાલુકાના ચતુરી ગામમાં વન્યપ્રાણીના આકસ્મિક હુમલામાં એક માસૂમ બાળકનું કરુણ મોત થતાં સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ છે. સાંજના સમયે બાળક પોતાના દાદા સાથે હાથ પકડીને ગામની દૂધ ડેરી તરફ જઈ રહ્યો હતો ત્યારે અચાનક વન્યપ્રાણીએ હુમલો કર્યો હતો. ગંભીર ઈજાઓના કારણે બાળકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો હતો. આ દુઃખદ ઘટનાને પગલે વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા ચતુરી ગામે પહોંચ્યા હતા. તેમણે પીડિત પરિવારને મળીને સાંત્વના પાઠવી અને ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી.

# અમરેલીમાં આમ આદમી પાર્ટી દ્વારા સમર્થન રેલીનું ભવ્ય આયોજન

અમરેલી,તા.૨૬

ધારાસભ્ય ચૈતર વસાવાની ધરપકડના અમરેલી જિલ્લામાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. આપ આગેવાનોએ ચૈતર વસાવાના સમર્થનમાં રેલી યોજી વિરોધ વ્યકત કર્યો હતો. આપ આગેવાનોએ જણાવ્યું હતું કે, AAP ની જિલ્લા પંચાયતમાં જીતથી ભાજપ ગભરાઈ છે. આ




અન્યાય સામે અમે હાઈકોર્ટથી સુપ્રીમ કોર્ટ સુધી કાયદાકીય લડત લડીશું. આદિવાસી સમાજ ક્યારેય ઝૂકશે નહીં અને આવનારા સમયમાં ભાજપને જડબાતોડ જવાબ આપશે. અમરેલીમાં કાંતિભાઈ સતાસિયા, નિકુંજ સાવલિયા, હિરેન વિરડીયા, વનરાજભાઈ વાળા, રમેશભાઈ સતાસિયા, સુખાભાઈ વાળા, રવિભાઈ હિરાણી, અરુણાબેન પંડ્યા અને દક્ષાબેન રામાવત સહિતના કાર્યકર્તાઓ દ્વારા એક વિશાળ સમર્થન રેલી યોજવામાં આવી હતી.

# ગરણી પ્રા. શાળામાં યોજાયેલા પ્રવેશોત્સવમાં એસ.પી. સંજય ખરાતે ભુલકાઓને આવકાર્યા

બાબરા,તા.૨૬

બાબરા તાલુકાના ગરણી ગામે રાજ્ય સરકારનાં પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ અંતર્ગત અમરેલી જીલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા ગરણી પ્રા. શાળા ખાતે અંદાજે ૧૯ ભુલકાઓને કુમ કુમ તીલક અને શૈક્ષણીક



કીટ આપીને સ્વાગત કરવામાં આવેલ. આ પ્રસંગે પોલીસ વડાએ જણાવ્યું હતું કે, બાળકોનાં સર્વાંગી વીકાસ માટે શીક્ષણ સૌથી મજબુત પાયો છે તેમજ વાલીઓને બાળકોને નીયમીત શાળાએ મોકલવા જણાવ્યું હતું. કાર્યક્રમમાં અન્ય આગેવાનોએ પણ બાળકોને આવકારેલ અને ત્યાર બાદ શાળાનાં મેદાનમાં હાજર મહાનુભવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ હતું.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...
YJ યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
● શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
● નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
● પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

# બગસરા શહેરમાં પાણીની કકળાટ શરૂ, મહિલાઓની પાલિકાને ઘેરાવની ચીમકી

**નર્મદાનું પાણી બંધ, ત્રણ દિવસે માત્ર ૩૦ મિનીટ પાણીથી લોકો ત્રાહીમામ**

બગસરા,તા.૨૬

બગસરામાં છેલ્લા એક અઠવાડીયાથી નર્મદાનું પાણી બંધ થતા અને સ્થાનિક સોર્સમાં પાણીનો જથ્થો ઘટતા શહેરમાં પાણીની મોકાળ ઉભી થઈ છે. મહિલાઓ સવારે પાણી માટે દર-દર ભટકી રહી હોવાથી પાલિકા સામે મહિલાઓમાં આક્રોશ ફેલાયો છે. જો યોગ્ય રીતે પાણી વિતરણ કરવામાં નહી આવે તો આગામી સમયમાં નગરપાલિકાને ઘેરાવ કરવાની મહિલાઓએ ચિમકી આપતા ખળભળાટ મચી જવા પામ્યો છે. બગસરામાં છેલ્લાં એક અઠવાડીયાથી પાણી વિતરણ ખોરંભે ચડ્યુ છે. નર્મદાનું પાણી બંધ થયા બાદ સ્થાનિક સોર્સ પણ ડૂકી જતા શહેરમાં પાણીની વિકટ પરિસ્થિતિ સર્જાઈ છે. જેથી મહિલાઓ પાણી માટે દર-દર ભટકી રહી છે. પાલિકા દ્વારા હવે એકાંતરાના બદલે દર ત્રણ દિવસે પાણી વિતરણ કરવામાં આવે છે અને માત્ર ૩૦ મીનીટ જ પાણી આપવામાં આવતુ હોવાથી મહિલાઓમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.જો ટૂંક સમયમાં પાલિકા દ્વારા એકાંતરા પાણી વિતરણ કરવામાં નહી આવે તો આગામી દિવસોમાં મહિલાઓ નગરપાલિકાને ઘેરાવ કરશે તેવી ચિમકી આપવામાં આવી છે. આ અંગે પાલિકા પ્રમુખ નીરવ ગોંડલીયાએ જણાવ્યુ હતું કે, મહીનું પાણી બંધ થઈ જતા આ સ્થિતિ સર્જાઈ છે.જો કે હવે મહીનું પાણી મળવાનુ ચાલુ થઈ ગયેલ હોવાથી ત્રણથી ચાર દિવસમાં ફરી એકાંતરા પાણી વિતરણ કરવામાં આવશે.

# દલખાણીયા રેન્જમાં સિંહનો શંકાસ્પદ મૃતદેહ મળ્યો, વન વિભાગની કામગીરી સામે ફરી સવાલ

અમરેલી,તા.૨૬



અમરેલી જિલ્લાના દલખાણીયા રેન્જમાં એક સિંહનો મૃતદેહ શંકાસ્પદ હાલતમાં મળતા વન વિભાગમાં દોડધામ મચી ગઈ હતી. દલખાણીયા ગામ નજીક રેવન્યુ વિસ્તારમાંથી મૃતદેહ મળી આવતા વન વિભાગની ટીમે તેને કબજે લઈ પોસ્ટમોર્ટમ માટે એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડ્યો હતો. અધિકારીઓના જણાવ્યા મુજબ સિંહના મોતનું ચોક્કસ કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે.

ઘટનાની તપાસ શરૂ કરવામાં આવી છે. ઘટનાસ્થળે વન વિભાગની ટીમ મોડેથી પહોંચી હોવાના આક્ષેપો પણ ઉઠ્યા છે, જેના કારણે અધિકારીઓમાં નારાજગી જોવા મળી હતી. દલખાણીયા રેન્જમાં લાંબા સમયથી પૂરતા પેટ્રોલિંગના અભાવ અંગે સ્થાનિકોમાં ચર્ચા ચાલી રહી છે.

અગાઉ પણ ગીર પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં સિંહોના

**પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ મોતનું સાચું કારણ સામે આવશે**

શંકાસ્પદ મોતના બનાવો સામે આવ્યા હતા, પરંતુ તે કેસોના સેમ્પલ રિપોર્ટ હજુ જાહેર થયા નથી. ફરી એક વખત બનેલી આ ઘટનાએ વન વિભાગની કામગીરી પર અનેક પ્રશ્નો ઉભા કર્યા છે.

# અમરેલીમાં ૨૮મી જૂને પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત ૦ થી ૫ વર્ષના બાળકોને અપાશે ટીપાં

અમરેલી,તા.૨૬

અમરેલી જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા, તાલુકા હેલ્થ ઓફિસર અને અર્બન હેલ્થ ઓફિસરના સંયુક્ત ઉપક્રમે આગામી ૨૮ જૂન ૨૦૨૬ ને રવિવારના રોજ સમગ્ર અમરેલી શહેરમાં 'પલ્સ પોલિયો રસીકરણ અભિયાન' યોજાશે. આ રાષ્ટ્રીય કાર્યક્રમ અંતર્ગત ૦ થી ૫ વર્ષ સુધીના તમામ બાળકોને પોલિયો વિરોધી રસીના બે ટીપાં પીવડાવવામાં આવશે. નાગરિકોની સગવડ માટે શહેરના વિવિધ વિસ્તારોમાં સવારના ૦૮:૦૦ થી સાંજના ૦૫:૦૦ વાગ્યા સુધી રસીકરણ બૂથ કાર્યરત રહેશે. આરોગ્ય શાખા દ્વારા તમામ વાલીઓને પોતાના બાળકોને નજીકના બૂથ પર લઈ જઈ રસી અચૂક અપાવવા અપીલ કરાઈ છે. રવિવારે બાકી રહી ગયેલા બાળકોને આગામી ૨૯ અને ૩૦ જૂનના રોજ આરોગ્ય કર્મચારીઓની ટીમ દ્વારા 'ઘર-ઘર મુલાકાત' લઈને સુરક્ષિત કરવામાં આવશે.

# બગસરામાં સરદાર પટેલ શરાફી સહકારી મંડળીના ચેક રીટર્ન કેસમાં આરોપીને છ માસની સજા

**બગસરા કોર્ટે મંડળીના વકીલ પી.ડી.દાંતી અને વિશાલ જે.માળવીની દલીલો ગ્રાહ્ય રાખી ચુકાદો આપ્યો**

બગસરા,તા.૨૬





ચેક બાઉન્સના કેસોમાં અદાલતો દ્વારા કડક વલણ અપનાવવામાં આવી રહ્યું છે, જે અંતર્ગત બગસરા કોર્ટ દ્વારા નાણાકીય અનિયમિતતા બદલ એક મહત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો છે.અમરેલી જિલ્લાના બગસરા સ્થિત સરદાર પટેલ શરાફી સહકારી મંડળીમાંથી નવા ઝાઝરીયાના હિતેશભાઈ કેશુભાઈ સતાસિયાએ રૂ.૨,૦૦,૦૦૦/- ની લોન લીધી હતી. લોનની ચડત રકમ રૂ.૨,૬૧,૦૩૦/-ની ભરપાઈ માટે તેમણે આપલો ચેક બેંકમાં અપૂરતા ભંડોળને કારણે પરત ફર્યો હતો. મંડળી દ્વારા નોટિસ આપવા છતાં રકમ ન ચૂકવાતા મંત્રી જયદીપભાઈ હિરપરાએ કોર્ટમાં ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં મંડળી પક્ષના વકીલોની દલીલો માન્ય રાખી બગસરા કોર્ટે આરોપી હિતેશભાઈને છ માસની જેલની સજા ફટકારી છે અને ચેકની બાકી રકમ ચૂકવવાનો આદેશ કર્યો છે.

# સા.કુંડલાના દોલતી ગામે શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરાઈ

અમરેલી,તા.૨૬



સાવરકુંડલા તાલુકાના દોલતી ગામે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં આંગણવાડી, બાલવાટિકા તથા ધોરણ-૧માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું કુમકુમ તિલક કરીને સ્વાગત કરાયું. તેમને શૈક્ષણિક કીટ પણ અર્પણ કરવામાં આવી. કાર્યક્રમ દરમિયાન દીકરીઓના શિક્ષણ, તેમના સર્વાંગી વિકાસ અને ગુણવત્તાસભર શિક્ષણના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો.

# ધારીમાંથી યુવક અને ગુંદરણ ગામેથી યુવતી લાપતા બન્યા

અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લામાંથી વધુ બે વ્યક્તિઓ લાપતા બન્યા હોવાના બનાવ સામે આવ્યા છે.પ્રથમ બનાવમાં, ધારી ગામે રહેતા અક્ષયભાઈ જીસતુભાઈ વઘાસીયા (ઉ.વ.૨૭)એ પોલીસને જાહેર કર્યા મુજબ, તેમનો નાનો ભાઈ કેવલ કોઈને કંઈ પણ કહ્યા વગર ઘરેથી ક્યાંક જતો રહ્યો છે અને પોતાનો મોબાઈલ ફોન પણ બંધ કરી દીધો છે. કેવલે સફેદ કલરનો શર્ટ, બ્લૂ કલરનું જીન્સનું પેન્ટ તથા બ્લેક કલરની ટોપી પહેરેલી છે. તેના મોઢા ઉપર જમણા ગાલના ભાગે જૂનું વાગ્યાનું નિશાન છે અને તે નંબરના ચશ્મા પહેરે છે.બીજા બનાવમાં, લીલીયાના ગુંદરણ ગામે રહેતા મુકેશભાઈ મધુભાઈ રાખોલીયા (ઉ.વ.૪૬)એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી ક્રિનલબેન રાત્રિના આશરે એકાદ વાગ્યાથી વહેલી સવારના છ વાગ્યા સુધીના સમય દરમિયાન, ઘરે કોઈને કહ્યા વગર પોતાની મેળે નીકળી ક્યાંક જતી રહી હતી. પોલીસે બંને બનાવ અંગે ગુમનોંધ દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# અમરેલીમાંથી બાઈક ચોરી કરનાર ચાવંડનો આધેડ ઝડપાયો

અમરેલી,તા.૨૬

અમરેલી મીની કસ્બા વિસ્મોતારમાં રહેતા અને પ્રાઈવેટ નોકરી કરતા અમરભાઈ મહેબુબભાઈ કશીરી (ઉ.વ.૩૮) બસ સ્ટેન્ડ ખાતેથી ગત તારીખ ૨૧ જૂન,ના રોજ બપોરે ૧ કાળા કલરની બાઈક પાર્ક કરી પોતાના કામે ગયા હતા, અને સાંજે ૬ વાગ્યે તે પરત ફર્યા ત્યારે બાઈક પાર્ક કરેલી જગ્યા પરથી કોઈ અજાણ્યો શખ્સ ઉઠાવી ગયાની ફરિયાદ અમરેલી પોલીસમાં લખવી હતી.ફરિયાદના આધારે સીટી પી.આઈ. એમ.એમ. ઝાલાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમ અને કમાન્ડ કંટ્રોલ સેન્ટરના સંયુક્ત પ્રયાસોથી પોલીસે લાઠી તાલુકાના ચાવંડ ગામે કારકોલીયા રોડ પર રહેતા વલકુ બાવકુભાઈ વેગડ (ઉ.વ.૫૨) નામના શખ્સની રૂપિયા ૧૦ હજારની કિંમતની ચોરાયેલી બાઈક સાથે ધરપકડ કરી છે.

# સાવરકુંડલાના લીખાળા ગામના સીમ વિસ્તારમાં વિધવાની છેડતી

**પુત્રોને જાનથી મારી નાખવાની ધમકી આપી**

સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલાના લીખાળા ગામના સીમ વિસ્તારમાં એક વિધવા મહિલાની છેડતી કરવામાં આવી હતી. આ ઉપરાંત તેના દીકરાઓને જાનથી મારી નાખવાની ધમકી અપાતા ફફડી ઉઠેલી મહિલાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. અરવિંદભાઈ વજુભાઈ બોરીસાગર સામે નોંધાયેલી ફરિયાદ મુજબ, મહિલાના પતિનું આજથી બારેક વર્ષ પહેલાં અવસાન થયું હતું. તેમના ભાગે આવતી જમીન પર તેમનો પરિવાર જતો હતો, જે વાત આરોપીને ગમતી નહોતી. આ જમીન પર મહિલાના બંને દીકરાઓ ગયા ત્યારે આરોપીએ તેમને મૂઢમાર માર્યો હતો. આ બાબતે મહિલા આરોપીને ઠપકો આપવા ગઈ ત્યારે આરોપીએ તેની છેડતી કરી, મૂઢમાર મારીને જેમ ફાવે તેમ ગાળો દીધી હતી. તેમજ મહિલા અને તેના દીકરાઓને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એન. એસ. મુસાર આ અંગે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# બાબરીયાધારમાં કવિશ્રી દુલા કાગ મેમોરિયલ ટ્રસ્ટનો મેડિકલ કેમ્પ યોજાયો

અમરેલી,તા.૨૬



પદ્મશ્રી કવિ દુલા ભાયા કાગના સુપુત્ર અને કવિશ્રી દુલા કાગ મેમોરિયલ ટ્રસ્ટના સ્થાપક સ્વ. રામભાઈ કાગની ૨૮મી પુણ્યતિથિ નિમિત્તે ૨૫ જૂને બાબરીયાધાર ગામમાં ભવ્ય મલ્ટી-સ્પેશિયાલિટી હેલ્થ કેમ્પનું સફળ આયોજન થયું હતું. જેમાં ભાવનગરની એચસીજી હોસ્પિટલની ૧૨ સભ્યોની નિષ્ણાત ટીમે આશરે ૧૫૦ દર્દીઓનું નિઃશુલ્ક સ્ક્રિનિંગ કરી સચોટ સારવાર અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ટ્રસ્ટના સેક્રેટરી ઈશભાઈ કાગે જણાવ્યું કે દાયકાઓ પહેલાં રામદાદાએ ડુંગર ગામમાં ઐતિહાસિક ટીબી કેમ્પનું આયોજન કર્યું હતું. લોકસેવાની એ જ પરંપરાને જીવંત રાખવા આ કેમ્પ યોજાયો છે. પ્રેરણા આપવા પૂજ્ય તુલસીબાપુ હરિયાણી, દાદબાપુ વરુ, પીઠુભાઈ બોરીચા, ચિરાગભાઈ જોશી અને વિવિધ ગામના સરપંચો ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પને સફળ બનાવવા સ્વયંસેવકોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# રામપુર ગામે રામરોટી આશ્રમે બીમાર પશુઓની સારવાર માટેના કેન્દ્રનું ભૂમિપૂજન

તોરી, તા. ૨૬



તસવીર : વિનુભાઇ કોટડીયા

વડીયા રામપુર ગામે રામરોટી આશ્રમે બીમાર પશુઓ જેવા કે ગાય માતા, બળદો અને રખડતા ભટકતા વાછડાઓ માટેનું સારવાર કેન્દ્ર ઉભું કરવા જમીનનું ભૂમી પુજન કરાવવામાં આવ્યું છે. આ પ્રસંગે શાસ્ત્રી કીરીટભાઈ, માવજીભાઈ વાઘાણી અને રતીભાઈ ગેવરીયા દ્વારા પૂજનવીધી કરાવવામાં આવી હતી. આ અવસરે જય સનાતન ધુન મંડળ, ગીગેશ્વર મહાદેવ ગાય તથા બળદો બિમાર સેવા કેન્દ્ર અને દાનગીગેવ જન્મ ભુમી ચેરીટેબલ ટ્રસ્ટના ચતુરભાઈ બારડ, સુરેશભાઈ બુહા, લાલજીભાઈ, પુનાભાઈ, મનસુખભાઈ, ચંદ્રેશભાઈ, પ્રકાશભાઈ, મહેશભાઈ, રાજીભાઈ, હસમુખભાઈ, ભરતભાઈ, અજયભાઈ ભરવાડ અને ગ્રામજનો ઉપસ્થિત રહીને સેવાકીય કામગીરી કરી હતી.



અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


## અવસાન નોંધ

**સાવરકુંડલા**

લલિતભાઈ દિનકરરાય ત્રિવેદી (ઉ.વ ૬૩) તે મુકુંદરાય દિનકરરાય ત્રિવેદી અને મહેન્દ્રકુમાર દિનકરરાય ત્રિવેદી અને રજનીકાંત દિનકરરાય ત્રિવેદીના ભાઈ તથા કિરણબેન કલ્પેશભાઈ ત્રીવેદી અને ધ્રુવીબેન પીયુષભાઈ વિરાણી અને ધવલ લલિતભાઈ ત્રિવેદીના પિતાનું તા:૨૬/૬/૨૦૨૬ ને શુક્રવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે સદગતનું બેસણું તા:૨૭/૬/૨૦૨૬ ને શનિવારના રોજ ૪: ૦૦થી ૬:૦૦ કલાકે અમારા નિવાસ સ્થાને મોઢ બ્રહ્મણ જ્ઞાતિની વાડી, સ્વામિનારાયણ ગુરુકુળ સામે સાવરકુંડલા ખાતે રાખેલ છે.



BLUE BUDDHA
CLEARANCE SALE
T-SHIRTS @ ₹399
POLOS @ ₹499
SHIRTS @ ₹699
TROUSERS @ ₹699
DENIMS @ ₹799
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.



ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર

Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
લેડીઝ/જેન્ટસ
ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા અમરેલી - 365601

# સાવરકુંડલાના વીજપડી-લીખાળા માર્ગ પર ખાડાઓનું સામ્રાજ્ય, જનતા પરેશાન



સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામથી લીખાળા જતો રસ્તો હાલ અત્યંત ખરાબ અને બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયો છે. આ મુખ્ય માર્ગ પરથી રોજબરોજ નોકરીયાત વર્ગ, સરકારી કર્મચારીઓ અને નિર્દોષ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં પસાર થાય છે. રસ્તા પર સર્જાયેલા ઊંડા ખાડાઓને કારણે વાહનચાલકોના વાહનો વારંવાર બગડી જાય છે અને વિદ્યાર્થીઓ પણ સમયસર શાળાએ પહોંચી શકતા નથી. ચોમાસાની ઋતુ શરૂ થઈ ગઈ હોવા છતાં જવાબદાર તંત્ર દ્વારા પ્રી-મોન્સૂન કામગીરી કે રસ્તાની સાધારણ મરામત કરવામાં આવી નથી, જેના લીધે સ્થાનિક જનતા ભારે હાલાકી ભોગવી રહી છે. તંત્રની આવી ઉદાસીનતા સામે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જો અત્યારે નવો પાકો રોડ બનાવવો શક્ય ન હોય, તો વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે માત્ર માટી અથવા મેટલ નંખાવીને આ જીવલેણ ઊંડા ખાડાઓ પુરવામાં આવે તેવી લોકમુખી ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

# લાઠી તાલુકાના મતીરાળા ગામે સોલર પ્લાન્ટમાં વીજ કરંટ લાગતાં શ્રમિકનું મોત

લાઠી, તા. ૨૬

લાઠી તાલુકાના મતીરાળા ગામની સીમમાં આવેલા એપોલો પેપર સોલર પ્લાન્ટ ખાતે કામ કરી રહેલા એક શ્રમિકનું ૧૧ કે.વી. હાઈટેન્શન લાઈનનો જોરદાર કરંટ લાગવાના કારણે કરુણ મોત નીપજ્યું હતું.મૂળ દાહોદના કોકીલાબેન લાલાભાઈ ભાભોર (ઉ.વ. ૪૦)એ જાહેર કર્યા મુજબ, તેમના પતિ લાલાભાઈ રંગજીભાઈ ભાભોર (ઉ.વ. ૪૧) મતીરાળા ગામે આવેલા એપોલો પેપર સોલર પ્લાન્ટ ખાતે એક ઓરડીની પારાપેટ પર પ્લાસ્ટરનું કામ કરતા હતા.

આ દરમિયાન તેમના હાથમાં રહેલી છએક ફૂટ લાંબી એલ્યુમિનિયમની પ્લાસ્ટર કરવાની પટ્ટી અકસ્માતે ત્યાંથી પસાર થતી ૧૧ કે.વી. હાઈટેન્શન ઈલેક્ટ્રિક વીજ લાઈનને અડી ગઈ હતી.એલ્યુમિનિયમની પટ્ટી હાઈવોલ્ટેજ વીજ લાઈનના સંપર્કમાં આવતા જ શ્રમિકને જોરદાર ઈલેક્ટ્રિક શોક લાગ્યો હતો. કરંટ એટલો જોરદાર હતો કે શ્રમિક ઘટનાસ્થળે જ ઢળી પડ્યો હતો અને તેનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે પ્લાન્ટના અન્ય કર્મચારીઓ અને શ્રમિકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. બનાવ અંગે સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે અકસ્માત મોતના પ્રકરણમાં ડાયરી નોંધ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.પી. ડોડીયા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# વડિયા તાલુકાના દેવગામે ડીઝલ છાંટી આત્મવિલોપન કરનાર વૃધ્ધાએ દમ તોડ્યો

વડિયા, તા. ૨૬

વડિયાના દેવગામ ખાતે ડીઝલ છાંટી સળગી જનાર વૃધ્ધાનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે ભરતભાઈ ગભરૂભાઈ વાળા (ઉ.વ. ૪૦) એ પોલીસને જાહેર કર્યા મુજબ, મૃતક રમજુબેન ગભરૂભાઈ વાળા (ઉં.વ. ૬૫) છેલ્લા ૨૨ વર્ષથી માનસિક બીમારીથી પીડાતા હોઈ તેનાથી કંટાળી ગયા હતા. જેના કારણે તેમણે પોતાના શરીરે ડીઝલ છાંટી આત્મવિલોપનનો પ્રયાસ કર્યો હતો. ગંભીર રીતે દાઝી ગયેલી હાલતમાં તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું કરુણ મોત નીપજ્યું હતું. વડિયા પોલીસે આ અંગે અકસ્માત મોતની નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# કેરિયાનાગસ પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી




અમરેલી, તા. ૨૬

અમરેલી તાલુકાની કેરિયાનાગસ પ્રાથમિક શાળા ખાતે 'શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ૨૦૨૬' ઉત્સાહભેર ઉજવાયો હતો. અમરેલી જિલ્લા પંચાયતના દંડક સોનલબેન ગાંગડિયાના અધ્યક્ષસ્થાને યોજાયેલા મહોત્સવ દરમિયાન બાલવાટિકામાં ૪૫ અને ધોરણ-૧ માં ૧૮ બાળકોને શૈક્ષણિક કીટ આપી પ્રવેશ કરાવાયો હતો. આ પ્રસંગે ઉદાર દાતાઓનું શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. લાયઝન અધિકારી દમયંતીબેન ભગત, સરપંચ રાજુભાઈ મેવાડા અને એસ.એમ.સી. અધ્યક્ષ જયરાજભાઈ છત્રોલા સહિતના મહાનુભાવો, વાલીઓ અને ગ્રામજનોએ ઉપસ્થિત રહી બાળકોને આશીર્વાદ આપ્યા હતા. શાળાના આચાર્ય અને સ્ટાફની જહેમતથી સમગ્ર ગામમાં હર્ષોલ્લાસનો માહોલ જોવા મળ્યો હતો.

# બાબરાના યુવક પાસેથી ૧૩ લિટર દેશી દારૂ પકડાયો

અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લામાંથી અલગ-અલગ જગ્યાએથી બે શખ્સો ગેરકાયદેસર દેશી દારૂ સાથે ઝડપાયા હતા.

જેમાં બાબરા-કરિયાણા રોડ પરથી દેવુભાઈ હિરાભાઈ મણદોરીયા (ઉ.વ. ૪૧) પીવાના ૧૩ લિટર દેશી દારૂ સાથે પકડાયો હતો.જ્યારે અન્ય એક દરોડામાં, રાજુલાના દાતરડી ગામે મોટા પુલ પાસેથી એક યુવક ૨ લિટર દેશી દારૂ સાથે ઝડપાયો હતો. આ ઉપરાંત, જિલ્લામાં પોલીસ દ્વારા હાથ ધરાયેલા પ્રોહિબિશન ચેકિંગ દરમિયાન વિવિધ સ્થળેથી ૧૬ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં બજારમાં ફરતા મળી આવતા પોલીસે તેમની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બાબરામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી



બાબરા, તા. ૨૬

બાબરામાં આજે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. પીએમ શ્રી તાલુકા કુમાર શાળા સહિત ત્રણ શાળાઓમાં યોજાયેલા આ કાર્યક્રમમાં નવા વિદ્યાર્થીઓનું સ્વાગત કરીને શૈક્ષણિક કિટ આપીને તેમનું શાળામાં નામાંકન કરાવવામાં આવ્યું હતું. કાર્યક્રમ રાજ્યના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના જોઈન્ટ સેક્રેટરી વનરાજભાઈ પઢિયારના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે બાબરા નગરપાલિકાના પ્રમુખ રમેશભાઈ પરવાડિયા, ઉપપ્રમુખ યજ્ઞેશ શુક્લ તેમજ નગરપાલિકાના સભ્યો અને વિવિધ ક્ષેત્રોના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સંગઠનના આગેવાનો, સામાજિક કાર્યકરો, વિવિધ શાળાઓના આચાર્યો, શિક્ષકો, વાલીઓ તેમજ મોટી સંખ્યામાં નાગરિકોએ હાજરી આપી હતી.

# રાજુલાની સંઘવી શાળા નં. ૪ ખાતે 'પ્રગતિનો પ્રવેશ ઉત્સવ'ની ઉજવણી



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા,તા.૨૬

રાજુલા શહેરની સંઘવી શાળા નં. ૪ ખાતે ગુજરાત સરકારના 'પ્રગતિનો પ્રવેશ ઉત્સવ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ટ્રાયબલ ડેવલપમેન્ટ વિભાગના અધિકારી ડૉ. કિશોર ધારૈયા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. દીપ પ્રાગટ્યથી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આંગણવાડી, બાલવાટિકા, ધોરણ-૧ અને ધોરણ-૯માં નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું કુમકુમ તિલક સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટનું વિતરણ પણ કરાયું હતું. અધિકારીઓએ કોમ્પ્યુટર લેબ, સાયન્સ લેબ અને બાલવાટિકા વિભાગની મુલાકાત લઈ શૈક્ષણિક પ્રવૃત્તિઓની સમીક્ષા કરી હતી. આ વર્ષે શાળામાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે. પ્રથમ વખત ધોરણ-૯ શરૂ થતાં વાલીઓમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. કાર્યક્રમના અંતે પર્યાવરણ જાગૃતિના સંદેશ સાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: તેરસ
તા.૨૭-૦૬-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૫:૨૫,
સૂર્યાસ્ત-૦૭:૨૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: અનુરાધા

## દૈનિક રાશિફળ

તા.૨૭-૦૬-૨૦૨૬ શનિવાર

મેષ: આજે તમે લોકોમાં પ્રિય બનશો. તમારામાં વિશેષ આકર્ષણ રહેશે. આજે પિતાના આશીર્વાદથી સરકાર દ્વારા સન્માનિત થવાની સંભાવના છે.

વૃષભ: ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. જો થોડા દિવસોથી શરીરમાં કોઈ સમસ્યા હોય છે તો તેમાં સુધારો થશે.

મિથુન: આજે તમારા કાર્યક્ષેત્રના શત્રુઓ વધુ મજબૂત થશે. આજે તમારામાં નિર્ભયતાની ભાવના રહેશે. તમે નિર્ભયતાથી તમારા કાર્યો કરી શકશો.

કર્ક: આજે બુદ્ધિ અને જ્ઞાન વધશે. તમારા પૂરા પ્રયત્નોથી ઇચ્છા પૂર્ણ થશે. નિયમ દ્વારા તમારું સન્માન થવાની પ્રબળ સંભાવના છે. સાંજ ધાર્મિક કાર્યક્રમોમાં વિતાવશો.

સિંહ: જો તમે વિદ્યાર્થી છો તો તમારી શૈક્ષણિક દિશા બદલાશે. શિક્ષણ પ્રત્યે તમારી રુચિ વધશે. આજે તમે નવા કાર્યો શીખવામાં સફળ થશો.

કન્યા: આજે તમારે તે વાતનું પૂરું ધ્યાન રાખવું જોઈએ કે સામેની વ્યક્તિને ખરાબ ના લાગે. આજે તમારી વર્તણૂકને પણ ધ્યાનમાં રાખો.

તુલા: આજે આવક કરતા વધુ ખર્ચ થશે. તમે તમારી ધૈર્ય અને પ્રતિભાથી દુશ્મનની બાજુએ વિજય મેળવવામાં સફળ થશો.

વૃશ્ચિક: આજે તમારે કોઈ કારણ વિના નાના ભાઈ-બહેનોના અસહકારનો ભાગ બનવું પડશે. તમે માત્ર મહેનત કરીને જ તમારા કાર્યમાં સફળ થશો. ભૌતિક આરામ પર ખર્ચા વધુ થશે.

ધન: આવક વધારવાના પ્રયત્નો ૧૦૦ ટકા સફળ થશે. શ્રેષ્ઠ માર્ગ દ્વારા પ્રાપ્ત થતા ભંડોળમાં વધારો થશે. ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે.

મકર: આજે તમારામાં પરોપકાર અને દાનની લાગણી વધવા માંડશે. આત્મવિશ્વાસના આધારે કરવામાં આવેલ પ્રયત્નો સફળ થશે.

કુંભ: આજે તમારી પોતાની સંપત્તિમાં વધારો થશે. તમને તમારા મોસાળ તરફથી પણ માન મળશે. સાસુ-સસરા તરફથી અને પત્નીના પક્ષ તરફથી સંપૂર્ણ સહયોગ મળશે.

મીન: આજે પૂર્વજો પાસેથી સંપત્તિ મળવાની સંભાવના છે. આ સિવાય આજે તંત્ર-મંત્ર પ્રત્યેની રુચિ પણ વધી શકે છે. ધ્યાનમાં રાખો કે આજે કોઈને પૂછ્યા વિના સલાહ ના આપો.

**વંડા ગામે ગેરકાયદે ઘૂસેલા ઈસમે**

# રૂ. ૫૦૦ આપવાની ના પાડતાં ગાળો બોલી ઓફિસનો કાચ તોડ્યો

**દોલતી ગામના ઈસમ સામે ફરિયાદ નોંધાઈ**

સાવરકુંડલા, તા. ૨૬

વંડા ગામે ટ્રાવેલ્સની ઓફિસમાં ગેરકાયદે ઘૂસેલા દોલતી ગામના એક ઈસમે ૫૦૦ રૂપિયા આપવાની ના પાડતાં ગાળો બોલીને ઓફિસનો કાચ તોડી નાખ્યો હતો. આ બનાવ સંદર્ભે દીપકભાઈ દિનેશભાઈ મસરાણી (ઉ.વ.૫૨)એ દોલતી ગામના હમીરભાઈ ખોડાભાઈ રાઠોડ સામે વંડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે, તેઓ તથા સાક્ષી સાગરભાઈ ઓઘડભાઈ ટોળીયા બંને પોતાની 'ભવાની ટ્રાવેલ્સ'ની ઓફિસ પર હાજર હતા. તે દરમિયાન આરોપીએ ઓફિસની અંદર ગેરકાયદે પ્રવેશ કર્યો હતો અને તેમની પાસે રૂ. ૫૦૦ માંગ્યા હતા. દીપકભાઈએ રૂપિયા આપવાની ના પાડતાં આરોપીએ તેમને માર મારવાની ધમકી આપી ગાળો બોલવાનું શરૂ કર્યું હતું. આટલું જ નહીં, આરોપીએ ઓફિસનો કાચ તોડી અંદાજે રૂ. ૮,૦૦૦નું નુકસાન કર્યું હતું. આ મામલે વંડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. એમ. વિંઝુડા વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભાના ખડાધાર ગામે શેઢે ઘાસ નાખવા બાબતે માથાકૂટ

**ગાળો આપી ઢીકાપાટુનો મૂઢમાર માર્યો**

ખાંભા, તા. ૨૬

ખાંભાના ખડાધાર ગામે ખેતરના શેઢે ઘાસ (ખડ) નાખવા બાબતે માથાકૂટ થઈ હતી, જેમાં ફરિયાદીને ગાળો આપી ઢીકાપાટુનો મૂઢમાર મારવામાં આવ્યો હતો. આ અંગે વિપુલભાઈ મગનભાઈ સોલંકી (ઉં.વ. ૨૭)એ મુસ્તાકભાઈ સુમારભાઈ હમાતી સામે ફરિયાદ નોંધાવી છે.ફરિયાદ મુજબ, આશરે એકાદ મહિના પહેલાં ફરિયાદી અને આરોપી વચ્ચે શેઢે ઘાસ નાખવા બાબતે ઝઘડો થયો હતો. આથી, ફરિયાદીએ આરોપીને પોતાના ખેતરની કેડીએથી (રસ્તેથી) ચાલવાની ના પાડી હતી. આ બાબતની અદાવત રાખીને આરોપીએ બિભત્સ ભાષામાં ગાળો આપી, શરીરે ઢીકાપાટુ વડે મૂઢમાર માર્યો હતો તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# અમદાવાદના બાવળામાં પતિએ ઢીકાપાટુનો મુંઢ માર મારી પત્નીને ઘરેથી પહેરેલા કપડે કાઢી મૂકી

**સાસુ ઘરકામ બાબતે મેણાં-ટોણાં મારતા હતા**

અમરેલી, તા. ૨૬

અમરેલીના દેવરાજીયા મુકામે રહેતી પરિણીતાએ અમદાવાદના બાવળામાં રહેતા સાસરિયાં સામે ફરિયાદ નોંધાવી હતી. પતિએ ઢીકાપાટુનો મુંઢ માર મારી પત્ની અને દીકરાને ઘરેથી પહેરેલા કપડે કાઢી મૂક્યા હતા, જ્યારે સાસુ ઘરકામ બાબતે મેણાં-ટોણાં મારતા હતા. દેવરાજીયા ગામે રહેતા રૂપલબેન અભિષેકભાઈ લશ્કરી (ઉ.વ. ૩૦)એ અમદાવાદના બાવળામાં રહેતા પતિ અભિષેકભાઈ બંસીદાસભાઈ લશ્કરી તથા સાસુ રંજનબેન બંસીદાસભાઈ લશ્કરી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમના લગ્ન ગાળો તા. ૨૭/૦૨/૨૦ થી તા. ૨૧/૦૬/૨૬ દરમિયાન બાવળા મુકામે સાસરિયામાં રહેતા હતા તે વખતે તેના પતિ અભિષેકભાઈ તથા સાસુ રંજનબેને અવારનવાર ઘરકામ બાબતે તેમજ અન્ય બાબતોમાં મેણાં-ટોણાં મારી શારીરિક અને માનસિક ત્રાસ આપ્યો હતો. તેના પતિ તથા સાસુએ ગાળો આપી હતી અને પતિએ ઢીકાપાટુનો મુંઢ માર મારી ઘરેથી પહેરેલા કપડે જ તેને તથા તેના દીકરાને કાઢી મૂક્યા હતા.

# જિલ્લામાં ભીમ અગિયારસ પર ૮ સ્થળેથી પત્તા ટીચતા ૪૬ જુગારીઓ ઝડપાયા

અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લામાં ભીમ અગિયારસના તહેવાર પર ૮ સ્થળેથી પત્તા ટીચતા ૪૬ જુગારીઓ ઝડપાયા હતા. તમામ પાસેથી મળીને કુલ રૂપિયા ૧,૦૪,૬૭૦નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. પોલીસ રેઈડ દરમિયાન વંડાના મોટા ભમોદ્રા ગામની સીમમાંથી પાંચ ઈસમો રોકડા રૂપિયા ૧૧,૮૦૦ સાથે પકડાયા હતા. સાવરકુંડલામાં જેસર રોડ ફાટક પાસેથી સાત ઈસમો રોકડા રૂપિયા ૧૯,૬૯૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. લાઠીના હિરાણા ગામથી દરેડ ગામ તરફ જવાના રસ્તેથી ત્રણ ઈસમો રોકડા રૂપિયા ૭,૭૧૦ સાથે ઝડપાયા હતા. બગસરાના નાના મુંજીયાસર ગામેથી સાત ઈસમો તીનપત્તીનો હાર-જીતનો જુગાર રમતા રોકડા રૂપિયા ૧૧,૧૩૦ સાથે ઝડપાયા હતા.બગસરાના સમઢીયાળા ગામેથી છ ઈસમો રોકડા રૂપિયા ૨૧,૩૦૦ સાથે પકડાયા હતા. આ જ ગામના મફત પ્લોટ વિસ્તારમાંથી ચાર ઈસમો તીનપત્તીનો હાર-જીતનો જુગાર રમતા રોકડા રૂપિયા ૧૦,૧૫૦ના મુદ્દામાલ સાથે પકડાયા હતા. દામનગરના રાભડા ગામેથી છ ઈસમો રોકડા રૂપિયા ૧૦,૪૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા, જ્યારે ખાંભાના નવા માલકનેસ ગામેથી નવ ઈસમો રોકડા રૂપિયા ૧૨,૪૯૦ના મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયા હતા.

## તંત્રી લેખ

# ડિજિટલ એરેસ્ટના ડર થી સાવધ રહેવાની જરૂર

ટેક્નોલોજીના વિકાસ સાથે માનવજીવન વધુ સરળ અને સુવિધાસભર બન્યું છે. આજે નાણાકીય વ્યવહારો ક્ષણોમાં પૂર્ણ થઈ જાય છે, સરકારી સેવાઓ ઓનલાઈન ઉપલબ્ધ છે અને માહિતીનું આદાન-પ્રદાન પણ ઝડપી બન્યું છે. પરંતુ આ ડિજિટલ ક્રાંતિની સાથે સાયબર ગુનાઓમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. આજકાલ ઠગો મોબાઈલ ફોન, સોશિયલ મીડિયા અને ઈન્ટરનેટનો ઉપયોગ કરીને લોકોને ડરાવી, ધમકાવી અને છેતરપિંડી દ્વારા મોટી રકમ પડાવી રહ્યા છે. આ પ્રકારની છેતરપિંડીને "ડિજિટલ એરેસ્ટ" તરીકે ઓળખવામાં આવે છે. જરા વિચારીએ, શું સુપ્રીમ કોર્ટ કે કોઈ તપાસ એજન્સી તમને ફોન કરીને ગંભીર ગુનામાં સંડોવાયેલા હોવાનું કહી શકે? શું માત્ર ફોન પર કોઈ વ્યક્તિ પોલીસ અધિકારી હોવાનો દાવો કરે એટલે તેના શબ્દો પર વિશ્વાસ કરી લેવો જોઈએ? હકીકતમાં, કોઈ પણ કોર્ટ કે કાયદા અમલવારી એજન્સી ફોન અથવા વીડિયો કોલ દ્વારા ધરપકડની કાર્યવાહી કરતી નથી. છતાં, ઠગો ઉચ્ચ ન્યાયાલયો, પોલીસ અથવા તપાસ એજન્સીઓના નામે બનાવટી દસ્તાવેજો અને નકલી સમન્સ બતાવી લોકોને ગભરાવી દે છે. સાયબર ગુનેગારો સૌપ્રથમ પીડિતને ફોન કરીને કહે છે કે તેના નામે ગંભીર ગુનો નોંધાયો છે અથવા તેના બેંક ખાતાનો ઉપયોગ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં થયો છે. ત્યારબાદ તેઓ નકલી કોર્ટના દસ્તાવેજો અથવા પોલીસ અધિકારીઓના ઓળખપત્રો મોકલી વિશ્વાસ ઉભો કરે છે. ભયનું વાતાવરણ સર્જીને તેઓ તાત્કાલિક પૈસા ટ્રાન્સફર કરવાની માંગ કરે છે. ગભરાટમાં ઘણા લોકો તેમની મહેનતની કમાણી ગુમાવી બેસે છે. તાજેતરમાં દેશના અનેક રાજ્યોમાં તપાસ એજન્સીઓએ આવા સાયબર ઠગોના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. તપાસ દરમિયાન કરોડો રૂપિયાની છેતરપિંડીના પુરાવા મળ્યા છે. નિષ્ણાતોના મતે, આ તો માત્ર સામે આવેલા કિસ્સાઓ છે; વાસ્તવિક નુકસાન તેનો અનેકગણો હોઈ શકે છે. આ સમસ્યાનું મુખ્ય કારણ ડિજિટલ સાક્ષરતાનો અભાવ છે. હજુ પણ ઘણા લોકો જાણતા નથી કે ફોન, વીડિયો કોલ અથવા ઓનલાઈન સંદેશ કાયદાકીય રીતે ધરપકડ કે સમન્સ ગણાતા નથી. કાયદેસરની કાર્યવાહી માટે અધિકૃત દસ્તાવેજો અને યોગ્ય પ્રક્રિયાનું પાલન જરૂરી હોય છે. તેથી, કોઈ અજાણી વ્યક્તિના ફોન કે સંદેશથી ગભરાવાને બદલે તેની સત્યતા તપાસવી જરૂરી છે. સાયબર ગુનાઓથી બચવા માટે કેટલીક સરળ સાવચેતીઓ અપનાવવી જોઈએ. અજાણી લિંક પર ક્લિક ન કરવું, કોઈપણ વ્યક્તિને બેંકની ગુપ્ત માહિતી કે OTP ન આપવો, શંકાસ્પદ ફોન આવે તો તરત કૉલ કાપી સંબંધિત વિભાગનો સત્તાવાર સંપર્ક કરવો અને કોઈપણ પ્રકારના દબાણ હેઠળ પૈસા ટ્રાન્સફર ન કરવા જોઈએ. જો આવી ઘટના બને તો તરત સ્થાનિક પોલીસ અથવા રાષ્ટ્રીય સાયબર ક્રાઈમ હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવવી જોઈએ. ટેક્નોલોજી આપણા જીવનને સરળ બનાવવા માટે છે, ડરાવવા માટે નહીં. તેથી સાયબર સુરક્ષાને જીવનનો અભિન્ન ભાગ બનાવવો સમયની જરૂરિયાત છે. સજાગતા, સમજદારી અને યોગ્ય માહિતી જ ડિજિટલ એરેસ્ટ જેવી છેતરપિંડી સામે સૌથી અસરકારક રક્ષણ છે.

# કુદરત આફત સામે સજ્જતા: કચ્છથી વેનેઝુએલા સુધી




પ્રાસંગિક
સુરેશ દેસાઈ

૨ જાન્યુઆરી, ૨૦૦૧. સમગ્ર દેશ પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં વ્યસ્ત હતો. સવારે ૮:૪૬ વાગ્યે ગુજરાતના કચ્છમાં ધરતી ધ્રુજી ઊઠી. રિક્ટર સ્કેલ પર ૭.૭ની તીવ્રતા ધરાવતા આ વિનાશક ભૂકંપે માત્ર ૯૦ સેકન્ડમાં હજારો પરિવારોનું જીવન બદલાવી નાખ્યું. ભુજ, અંજાર, ભચાઉ અને રાપર સહિત સમગ્ર કચ્છ વિસ્તાર જાણે કાટમાળના ઢગલામાં ફેરવાઈ ગયો. આ આપત્તિમાં ૧૩,૮૦૫થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા, ૧.૬૭ લાખથી વધુ લોકો ઘાયલ થયા અને ૩.૪ લાખથી વધુ મકાનો ધરાશાયી થયા. અંજારમાં પ્રભાતફેરીમાં નીકળેલા ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓના જીવ પણ આ દુર્ઘટનામાં ગયા. સમગ્ર રાજ્ય માટે આ એક ક્યારેય ન ભૂલાય તેવી કરુણ ઘટના બની. પરંતુ કચ્છની કહાની અહીં પૂરી થઈ નહોતી. ગુજરાતે શોકમાં ડૂબી રહેવાને બદલે આ દુર્ઘટનામાંથી શીખવાનો માર્ગ પસંદ કર્યો. આ ભૂકંપે રાજ્યને આપત્તિ વ્યવસ્થાપનનું મહત્વ સમજાવ્યું અને ભવિષ્ય માટે મજબૂત તૈયારી કરવાની દિશામાં આગળ ધપાવ્યું. સૌથી પહેલાં બચાવ અને રાહત કામગીરી શરૂ કરવામાં આવી. ભારતીય સેના, સ્થાનિક વહીવટીતંત્ર, હજારો સ્વયંસેવકો અને દેશ-વિદેશની અ સંસ્થાઓએ દિવસ-રાત મહેનત કરીને હજારો લોકોને બચાવ્યા. ત્યારબાદ રાજ્ય સરકારે સમજ્યું કે માત્ર રાહત અને પુનર્વસન પૂરતું નથી; ભવિષ્યમાં આવી આપત્તિઓ સામે વધુ સજ્જ બનવું જરૂરી છે. આ વિચાર સાથે 'ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (GSDMA)'ની સ્થાપના કરવામાં આવી, જે દેશમાં આપત્તિ વ્યવસ્થાપન માટે રચાયેલું પ્રથમ રાજ્યસ્તરીય વિશેષ સત્તામંડળ બન્યું. ત્યારબાદ પુનર્નિર્માણનું કાર્ય શરૂ થયું. પરંતુ આ વખતે નિર્ણય લેવાયો કે માત્ર જૂનું ફરીથી ઊભું કરવાનું નહીં, પરંતુ વધુ સુરક્ષિત અને મજબૂત ગુજરાત બનાવવાનું. નવા બાંધકામ માટે ભૂકંપ પ્રતિરોધક ડિઝાઈન ફરજિયાત બનાવવામાં આવી. IS 1893 અને IS 4326 જેવા ભારતીય ધોરણોના નિયમોનો કડક અમલ શરૂ થયો. ઈજનેરો, આર્કિટેક્ટો અને કડિયાઓને વિશેષ તાલીમ આપવામાં આવી. ભુજ અને અંજાર જેવા શહેરોનું વૈજ્ઞાનિક આયોજન કરીને પહોળા રસ્તા, ખુલ્લી જગ્યાઓ અને મજબૂત ઈમારતો સાથે નવેસરથી નિર્માણ કરવામાં આવ્યું. આજે, બે દાયકાથી વધુ સમય પછી, કચ્છ માત્ર ફરી ઊભું જ નથી થયું, પરંતુ વિકાસની નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. કંડલા અને મુન્દ્રા બંદરો, સિરામિક ઉદ્યોગ, વિન્ડ એનર્જી અને પ્રવાસન ક્ષેત્રે કચ્છે નોંધપાત્ર પ્રગતિ કરી છે. શાળાઓમાં નિયમિત મોક ડ્રિલ યોજાય છે, ગામડાંઓમાં 'આપદા મિત્ર' જેવા સ્વયંસેવકો તૈયાર કરવામાં આવ્યા છે અને સામાન્ય નાગરિકોમાં પણ આપત્તિ અંગે જાગૃતિ વધારવામાં આવી છે. અનેક શિક્ષકો અને તાલીમકારોએ હજારો લોકોને આપત્તિ સમયે શું કરવું તેની પ્રાયોગિક તાલીમ આપી છે. આ સમગ્ર પ્રક્રિયાએ સાબિત કર્યું કે યોગ્ય આયોજન અને ઈચ્છાશક્તિ હોય તો વિનાશ પછી પણ વિકાસ શક્ય છે.

હવે નજર કરીએ જાપાન તરફ. જાપાન વિશ્વના સૌથી વધુ ભૂકંપગ્રસ્ત દેશોમાંનો એક છે. ત્યાં ઘણી વખત ૭થી ૮ અથવા તેથી વધુ તીવ્રતાના ભૂકંપ આવે છે, છતાં જાનહાનિ પ્રમાણમાં ઓછી રહે છે. તેનું મુખ્ય કારણ છે મજબૂત બાંધકામ, કડક બિલ્ડિંગ કોડ અને સતત તૈયારી. જાપાનમાં બાળકોને નાનપણથી જ શાળામાં ભૂકંપ સમયે કેવી રીતે વર્તવું તેની તાલીમ આપવામાં આવે છે. નિયમિત મોક ડ્રિલ યોજાય છે. ભૂકંપ આવે ત્યારે વિદ્યાર્થીઓને તરત જ ડેસ્ક નીચે આશરો લેવાની, ખુલ્લી જગ્યાએ જવાની અને ગભરાયા વિના સૂચનાઓનું પાલન કરવાની તાલીમ આપવામાં આવે છે. દેશમાં હાઈ-સ્પીડ ટ્રેનો આપમેળે અટકી જાય છે, ગેસ લાઈનો આપોઆપ બંધ થઈ જાય છે અને આધુનિક ટેકનોલોજી દ્વારા લોકોને સેકન્ડોમાં ચેતવણી મળી જાય છે. આ બધું મળીને જાનહાનિમાં નોંધપાત્ર ઘટાડો કરે છે. તાજેતરના વર્ષોમાં ટેકનોલોજીએ પણ આપત્તિ વ્યવસ્થાપનમાં નવી ક્રાંતિ લાવી છે. ગૂગલની એન્ડ્રોઈડ ભૂકંપ ચેતવણી સિસ્ટમ સ્માર્ટફોનમાં રહેલા એક્સેલેરોમીટરનો ઉપયોગ કરીને ભૂકંપની પ્રાથમિક ધ્રુજારી ઓળખવાનો પ્રયાસ કરે છે. જ્યારે એક વિસ્તારમાં અનેક ફોન એકસાથે અસામાન્ય કંપન નોંધે છે, ત્યારે સિસ્ટમ તેનું વિશ્લેષણ કરીને આસપાસના વિસ્તારોમાં ચેતવણી મોકલી શકે છે. આ ચેતવણી ઘણી વખત થોડાક સેકન્ડનો સમય આપે છે, પરંતુ એટલો સમય પણ અનેક લોકો માટે જીવનરક્ષક બની શકે છે. પરંતુ માત્ર ટેકનોલોજી પૂરતી નથી. જો ઈમારતો નબળી હોય, બાંધકામના નિયમોનું પાલન ન થતું હોય અને લોકોમાં જાગૃતિનો અભાવ હોય, તો ચેતવણી મળ્યા છતાં મોટું નુકસાન થઈ શકે છે. તેથી સાચી સુરક્ષા માટે મજબૂત બાંધકામ, વૈજ્ઞાનિક આયોજન અને જનજાગૃતિ ત્રણેય બાબતો જરૂરી છે. કચ્છના અનુભવમાંથી સમગ્ર દેશ માટે એક મહત્વનો પાઠ મળે છે. આપત્તિને અટકાવી શકાતી નથી, પરંતુ તેના કારણે થતું નુકસાન ચોક્કસપણે ઘટાડી શકાય છે. ઘર બનાવતા પહેલાં યોગ્ય ઈજનેરની સલાહ લેવી, બાંધકામના નિયમોનું પાલન કરવું, શાળાઓ અને રહેણાંક સોસાયટીઓમાં નિયમિત મોક ડ્રિલ યોજવી અને આપત્તિ અંગે સતત જાગૃતિ ફેલાવવી આ નાના લાગતા પગલાં હજારો જીવ બચાવી શકે છે. વિકાસનો સાચો અર્થ માત્ર ઊંચી ઈમારતો કે વિશાળ રસ્તાઓ નથી. સાચો વિકાસ એ છે, જ્યાં દરેક નાગરિક સુરક્ષિત હોય, દરેક ઈમારત મજબૂત હોય અને દરેક વ્યક્તિને આપત્તિ સમયે શું કરવું તેની જાણકારી હોય. કચ્છે વિનાશમાંથી વિકાસનો માર્ગ શોધ્યો, જ્યારે જાપાને તૈયારી દ્વારા આપત્તિઓ સામે લડવાની પ્રેરણા આપી. કુદરતને રોકવી આપણા હાથમાં નથી, પરંતુ કુદરતી આફતો સામે સજ્જ બનવું ચોક્કસ આપણા હાથમાં છે. ધરતી ફરી ધ્રુજશે કે નહીં, તે આપણા નિયંત્રણમાં નથી. પરંતુ જ્યારે ધરતી ધ્રુજે, ત્યારે આપણે કેટલા તૈયાર હોઈશું, એ આપણા આજના નિર્ણયો નક્કી કરશે.

**ધરતી જ્યારે ધ્રુજે છે ત્યારે માત્ર જમીન નહીં, માનવજાતનું હૈયું પણ હચમચી જાય છે. પણ એક જ તીવ્રતાનો ભૂકંપ એક જગ્યાએ વિનાશ વેરે છે અને બીજી જગ્યાએ માત્ર આંચકો બનીને રહી જાય છે. આ ફરક તકનીક, તૈયારી અને ટકાઉ વિકાસનો છે. ગુજરાતે ૨૦૦૧ના કચ્છના ભૂકંપમાંથી જે શીખ્યું, તે આજે વેનેઝુએલાની દુર્ઘટના ફરી યાદ અપાવે છે. આપત્તિને રોકી ન શકાય, પણ તેની અસર તો ઘટાડી જ શકાય.**

## શબ્દ સંજોગ-૨૨૨૨



**આડી ચાવી :**
(૧) એક રાસાયણિક તત્વ (૩)
(૩) બેફિકર (૩)
(૬) જન્મપત્રિકા, જન્માક્ષર (૩)
(૭) ઉન્નતિ, ઉત્કર્ષ (૩)
(૮) વિરાટ રાજાનો સાળો (૩)
(૧૦) દક્ષિણ ભારતની એક વાનગી (૩)
(૧૧) બોધ, નિયમ (૨)
(૧૨) એક જાતનો ચળકતો પથ્થર (૩)
(૧૪) અથવા (૧)
(૧૬) આંખની કીકી (૩)
(૧૯) કંગાળ, દેવાળિયુ (૩)
(૨૧) સમાન સપાટીવાળુ (૪)
(૨૩) લડાઈનું મેદાન (૨)
(૨૪) સદગુણી, સારુ (૩)
(૨૬) ગણતરી (૩)
(૨૮) ધન, પૈસો (૨)
(૨૯) સિંહની કેશવાળી (૨)
(૩૦) પહેલુ (૩)

**ઉભી ચાવી :**
(૧) એક નેત્રરોગ (૩)
(૨) ગાડુ (આ-અ) (૩)
(૩) કશું ખાધા વિનાનો ઉપવાસ (૪)
(૪) એક જાતનું ઘરેણુ (૩)
(૫) ભાઈ જેવુ વર્તન (૪)
(૯) નેતરની સોટી (૩)
(૧૨) અનાદર, અવગણના (૫)
(૧૩) શાહીના ખડિયાનો ડાટો (૪)
(૧૫) એક તીર્થધામ (૫)
(૧૭) તમે (૨)
(૧૮) સ્ત્રીઓનું એક ઘરેણુ (૨)
(૨૦) રેતીનું મેદાન (૨)
(૨૨) ખાવાનો ગોળ (અ) (૨)
(૨૫) ઝીણી ધારવાળુ (૨)
(૨૭) હોડ (અ) (૨)

## શબ્દ સંજોગ-૨૨૨૧ જવાબ

**આડી ચાવી:** (૧) પાક્ષિક (૩) ઉપાસી (૬) ચક્રપાણિ (૭) નુતિ (૮) ટહો (૧૦) હાનિ (૧૧) નારેશ્વર (૧૬) તરકસ (૧૭) વરણાગી (૧૯) ડોન (૨૦) મસ (૨૧) વીરો (૨૩) ખણજ (૨૫) રહિત (૨૭) રકાન (૩૦) ણીખા(ખાણી) (૩૧) આંદોલન. **ઉભી ચાવી:** (૧) પાકટ (૨) કચ (૩) ઉપાહાર (૪) પાણિનિ (૫) વ્યતિ (૭) નુકતી (૯) હોનાર (૧૨) રેકડો(કરોડો) (૧૩) શ્વસન (૧૪) વેર (૧૫) લંગીસ (૧૬) તસવીર (૧૭) વરણ (૧૮) ણામ(મણા) (૨૨) રોહિણી (૨૩) ખસ (૨૪) જરદો (૨૬) તખા(ખાત) (૨૮) કાલ. (૨૯) નન.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૫૦૦ | ૧૮૯૦ |
| ઘઉં લોકવન | ૩૯૫ | ૪૯૬ |
| ઘઉં ટુકડા | ૪૧૦ | ૫૪૧ |
| જુવાર સફેદ | ૧૦૫૧ | ૧૧૪૨ |
| જુવાર લાલ | ૧૦૪૫ | ૧૧૪૪ |
| જુવાર પીળી | ૪૩૦ | ૫૫૦ |
| બાજરી | ૪૪૪ | ૪૭૭ |
| મકાઇ | ૩૫૦ | ૪૭૧ |
| તુવેર | ૧૧૫૦ | ૧૫૨૩ |
| ચણા પીળા | ૧૧૦૦ | ૧૧૬૫ |
| ચણા સફેદ | ૧૧૩૫ | ૧૭૩૦ |
| અડદ | ૧૫૦૦ | ૧૮૩૭ |
| મગ | ૧૧૭૧ | ૧૭૫૧ |
| વાલ દેશી | ૭૬૦ | ૧૩૧૨ |
| ચોળી | ૧૦૧૦ | ૧૬૪૦ |
| વટાણા | ૬૫૦ | ૧૦૫૦ |
| કળથી | ૩૫૧ | ૪૯૫ |
| રાજમા | ૮૮૦ | ૧૯૪૬ |
| સીંગદાણા | ૧૬૫૦ | ૧૭૮૦ |
| મગફળી જાડી | ૧૧૭૫ | ૧૫૧૫ |
| મગફળી જીણી | ૧૧૭૮ | ૧૫૦૨ |
| અળશી | ૧૮૯૨ | ૧૮૯૨ |
| તલી | ૧૭૮૦ | ૨૪૪૦ |
| સુરજમુખી | ૬૦૩ | ૧૨૦૬ |
| એરંડા | ૧૨૭૦ | ૧૪૦૨ |
| અજમો | ૨૩૦૦ | ૨૭૯૦ |
| સુવા | ૧૩૫૦ | ૧૫૦૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૩૪૬ |
| સીંગફાડા | ૧૩૭૫ | ૧૬૫૦ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૬૮૨ |
| લસણ | ૧૦૮૦ | ૨૫૦૦ |
| ધાણા | ૨૩૬૦ | ૨૮૫૮ |
| ધાણી | ૨૪૧૦ | ૨૯૨૦ |
| વરીયાળી | ૧૦૬૦ | ૨૦૩૦ |
| જીરૂ | ૩૬૧૧ | ૪૦૨૫ |
| રાય | ૧૩૫૦ | ૧૭૦૦ |
| મેથી | ૧૧૬૦ | ૧૮૮૦ |
| ઇસબગુલ | ૧૪૦૦ | ૨૧૯૦ |
| કલોંજી | ૩૩૨૦ | ૩૪૮૫ |
| રાયડો | ૧૨૫૦ | ૧૪૦૦ |
| રજકાનું બી | ૭૮૦૦ | ૧૦૨૦૦ |
| ગુવારનું બી | ૧૦૫૦ | ૧૧૩૦ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૪૦૫ | ૬૦૮ |
| લીંબુ | ૭૦૩ | ૧૩૭૯ |
| પપૈયા | ૭૮ | ૧૮૧ |
| બટેટા | ૯૧ | ૨૯૨ |
| ડુંગળી સુકી | ૧૯૦ | ૪૪૦ |
| ટમેટા | ૬૦૩ | ૯૮૫ |
| સુરણ | ૮૧૧ | ૧૦૩૩ |
| કોથમરી | ૧૩૪૫ | ૧૭૬૧ |
| રીંગણા | ૨૫૪ | ૪૯૩ |
| કોબીજ | ૨૧૧ | ૪૨૫ |
| ફ્લાવર | ૩૩૨ | ૬૬૯ |
| ભીંડો | ૩૨૫ | ૭૯૨ |
| ગુવાર | ૬૨૩ | ૧૩૮૩ |
| ચોળાસીંગ | ૮૩૧ | ૧૩૮૮ |
| ટીંડોળા | ૪૦૫ | ૮૮૨ |
| દુધી | ૨૧૪ | ૪૨૬ |
| કારેલા | ૪૨૫ | ૭૩૦ |
| સરગવો | ૫૩૧ | ૧૦૪૫ |
| તુરીયા | ૫૫૨ | ૭૭૨ |
| પરવર | ૫૬૧ | ૮૨૭ |
| કાકડી | ૩૪૮ | ૮૮૯ |
| ગાજર | ૩૫૩ | ૫૨૨ |
| વટાણા | ૧૭૭૨ | ૨૧૮૫ |
| ગલકા | ૩૧૪ | ૫૨૧ |
| બીટ | ૩૦૫ | ૫૧૧ |
| મેથી | ૮૮૫ | ૧૨૯૫ |
| ડુંગળી લીલી | ૧૦૩૩ | ૧૩૭૭ |
| આદુ | ૨૦૨૪ | ૨૪૩૧ |
| મરચા લીલા | ૮૮૫ | ૧૧૫૬ |
| મકાઇ લીલી | ૩૧૮ | ૫૨૬ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૪૦૦ | ૮૦૦ |
| મરચા | ૪૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૨૦૦ | ૬૦૦ |
| દુધી | ૧૬૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૮૦૦ |
| કાકડી | ૨૦૦ | ૭૦૦ |
| રીંગણા | ૪૦ | ૩૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૮૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૪૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૭૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૨૬૦૦ |
| કેરી કાચી | ૨૦૦ | ૭૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૬૦ |
| તાંજરીયા પુરા | ૩ | ૮ |
| કોથમીર પુરા | ૪ | ૬ |
| પરવર | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૩૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૨૦૦ |
| મેથી પુરા | ૧૨ | ૧૮ |
| બીટ પુરા | ૧૦ | ૨૦ |
| સરગવો પુરા | ૧૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૧૬૦૦ |
| કારેલા | ૩૬૦ | ૧૦૦૦ |
| આદુ | ૨૬૦૦ | ૨૮૦૦ |
| મકાઈ ડોડા | ૩૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૨ | ૫ |

### રાજુલા

| | | |
|---|---|---|
| બાજરો | ૪૬૫ | ૫૦૧ |
| ઘઉં ટુકડા | ૪૭૭ | ૪૭૭ |
| જુવાર | ૧૦૮૯ | ૧૧૦૦ |
| ચણા | ૧૦૨૫ | ૧૧૦૦ |

### જામનગર

| | | |
|---|---|---|
| જુવાર | ૪૮૦ | ૧૦૯૦ |
| બાજરો | ૪૦૫ | ૫૪૦ |
| ઘઉં | ૩૫૦ | ૪૯૨ |
| મગ | ૧૪૦૦ | ૧૬૭૦ |
| અડદ | ૧૨૯૦ | ૧૮૦૫ |
| તુવેર | ૮૫૦ | ૧૧૨૫ |
| ચોળી | ૫૮૦ | ૧૬૬૫ |
| મેથી | ૮૮૦ | ૯૭૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૫૮૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૪૨૦ |
| એરંડા | ૧૨૦૦ | ૧૩૪૯ |
| તલ | ૧૫૦૦ | ૨૫૨૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૬૧૫ |
| રાયડો | ૧૧૦૦ | ૧૩૬૫ |
| રાઈ | ૧૨૦૦ | ૧૫૮૦ |
| લસણ | ૮૦૦ | ૨૨૫૦ |
| કપાસ | ૧૪૬૦ | ૧૭૨૫ |
| જીરૂ | ૩૭૦૦ | ૩૯૧૫ |
| અજમો | ૧૮૭૦ | ૩૮૦૦ |
| અજમા ની ભૂસી | ૫૦ | ૨૬૪૦ |
| ધાણા | ૧૫૦૦ | ૨૭૬૫ |
| વટાણા | ૫૧૦ | ૯૨૫ |
| કલોંજી | ૧૬૦૦ | ૩૪૩૫ |

# ઓનલાઈન ફ્રોડનો ભોગ બનેલાઓને મળશે રૂ.૨૫૦૦૦નું વળતર: રિઝર્વ બેંક

મુંબઈ,તા.૨૬



ભારતમાં ઝડપથી વધી રહેલા ઓનલાઈન ફ્રોડના બનાવોને ધ્યાનમાં રાખીને ભારતીય રિઝર્વ બેન્ક (RBI)એ ગ્રાહકોના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય જાહેર કર્યો છે. ૨૪ જૂન, ૨૦૨૬ના રોજ જાહેર કરાયેલા નવા નિયમ મુજબ, જો કોઈ ગ્રાહકની મંજૂરી વિના તેના ખાતામાંથી ઓનલાઈન ટ્રાન્ઝેક્શન દ્વારા રૂપિયા કપાઈ જાય અથવા UPI સહિત કોઈપણ ડિજિટલ છેતરપિંડીનો ભોગ બને, તો નિર્ધારિત શરતો હેઠળ થયેલા નુકસાનનું વળતર આપવામાં આવશે. અત્યાર સુધી આવા કિસ્સાઓમાં ગ્રાહકોને પોતાના નાણાં પાછા મેળવવા માટે લાંબી પ્રક્રિયામાંથી પસાર થવું પડતું હતું. આ નિયમ સ્મોલ ફાઈનાન્સ બેન્ક, પેમેન્ટ બેન્ક, પ્રાદેશિક ગ્રામીણ બેન્ક અને લોકલ એરિયા બેન્ક સિવાયની તમામ કમર્શિયલ બેન્કો પર લાગુ પડશે. તેનો અમલ ૧ જાન્યુઆરી, ૨૦૨૭થી શરૂ થશે અને તે તારીખ પછી થતા તમામ ઈલેક્ટ્રોનિક બેન્કિંગ વ્યવહારોને આવરી લેશે. તેમા UPI, નેટ બેન્કિંગ, મોબાઈલ બેન્કિંગ, ડેબિટ અને ક્રેડિટ કાર્ડ દ્વારા થતા ઓનલાઈન તેમજ કાર્ડ સ્વાઈપ અથવા ટેપ આધારિત પેમેન્ટનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી ડિજિટલ પેમેન્ટ પર લોકોનો વિશ્વાસ વધુ મજબૂત બનવાની સાથે સાયબર છેતરપિંડીના ભોગ બનતા ગ્રાહકોને મોટી રાહત મળશે.

# ગોલ્ડ લોન બજારમાં તેજી, ત્રણ વર્ષમાં સરેરાશ લોનની રકમ બમણી થઈ

મુંબઈ,તા.૨૬

દેશમાં ગોલ્ડ લોન બજાર ઝડપથી વિસ્તરી રહ્યું છે. તેના પાછળ મોટી લોનની માંગ, ગ્રાહકોની વધતી જરૂરિયાતો તેમજ બેંકો, એનબીએફસી અને વિશિષ્ટ ગોલ્ડ લોન કંપનીઓની વધતી ભાગીદારી મુખ્ય કારણો માનવામાં આવે છે. હવે ગોલ્ડ લોન માત્ર કટોકટીના સમયે લેવાતી લોન રહી નથી, પરંતુ લોકો રોજિંદી નાણાકીય જરૂરિયાતો અને વ્યવસાયિક ખર્ચ માટે પણ તેનો ઉપયોગ કરી રહ્યા છે. પરિણામે ગોલ્ડ લોન ઔપચારિક લોન વ્યવસ્થાનો મહત્વપૂર્ણ ભાગ બની રહી છે.

અહેવાલ અનુસાર સોનાના ભાવમાં થયેલો સતત વધારો ગોલ્ડ લોન બજારના વિકાસનું સૌથી મોટું પરિબળ બન્યો છે. સોનાની કિંમત વધતાં ગ્રાહકો સમાન માત્રાના સોના સામે વધુ રકમની લોન મેળવી શકે છે. અભ્યાસ દરમિયાન સોનાના ભાવ સૂચકાંકમાં ૧૪૪ ટકા વધારો થયો હતો, જ્યારે ગોલ્ડ લોનની મંજૂર રકમમાં ૨૦૦ ટકાથી વધુનો વધારો નોંધાયો છે.આ અસર સરેરાશ લોનના કદમાં પણ જોવા મળી છે. નાણાકીય વર્ષ ૨૦૨૩માં ગોલ્ડ લોનનું સરેરાશ ટિકિટ કદ ૯૮ હજાર રૂપિયા હતું, જે નાણાકીય વર્ષ ૨૦૨૬માં વધીને ૧.૯૬ લાખ રૂપિયા થયું છે. એટલે કે માત્ર ત્રણ વર્ષમાં સરેરાશ લોનની રકમ લગભગ બમણી થઈ ગઈ છે.

દક્ષિણ ભારત ગોલ્ડ લોનનું મુખ્ય કેન્દ્ર રહ્યું છે, પરંતુ હવે દેશના અન્ય રાજ્યોમાં પણ તેની માંગ ઝડપથી વધી રહી છે. નાણાકીય વર્ષ ૨૦૨૬માં ઉત્તર પ્રદેશમાં ગોલ્ડ લોન સોર્સિંગમાં ૧૩૮ ટકા, પશ્ચિમ બંગાળમાં ૧૧૨ ટકા, રાજસ્થાનમાં ૧૦૫ ટકા અને મહારાષ્ટ્રમાં ૧૦૨ ટકાનો વાર્ષિક વધારો નોંધાયો છે.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# બગસરાના માણેકવાડા પ્રા.શાળામાં પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ


તસવીર : વી.કે.સાંગાણી

બગસરા,તા.૨૬

બગસરાના માણેકવાડા ગામની શ્રી માણેકવાડા પ્રાથમિક શાળા ખાતે ૨૫ જૂન ૨૦૨૬ના રોજ કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો. શાળામાં પ્રથમવાર પ્રવેશતા બાળકોને શૈક્ષણિક કીટ અને બચત ગલ્લા આપીને આવકારવામાં આવ્યા હતા. આ પ્રસંગે જિલ્લા અને તાલુકા પંચાયતના પદાધિકારીઓ, સરપંચ અને એસ.એમ.સી.ના સભ્યો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમની સાથે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા નિર્મિત સંસ્કૃત કક્ષનું ભવ્ય ઉદ્ઘાટન પણ કરવામાં આવ્યું હતું, જેની શરૂઆત ભગવદ્ ગીતાના શ્લોકગાનથી થઈ હતી. આ વિશેષ કક્ષમાં ભારતીય જ્ઞાનપરંપરા, વૈદિક જ્ઞાન, સંસ્કૃત સુભાષિતો અને ઋષિ-મુનિઓના જીવનદર્શનને દર્શાવતી શૈક્ષણિક સામગ્રી ગોઠવવામાં આવી છે. વિદ્યાર્થીઓએ સંસ્કૃત ભાષામાં મહેમાનોનું સ્વાગત કરીને આકર્ષણ જમાવ્યું હતું. શાળાના આચાર્ય, શિક્ષકો અને વાલીઓની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં આ સમગ્ર મહોત્સવ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો હતો.

# લાઠીના જરખીયા ગામમાં કન્યા કેળવણી મહોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરાઈ

**સાંસદ ભરતભાઈ સુતરીયાએ વિદ્યાર્થિનીઓને શાળા પ્રવેશ કરાવી શિક્ષણનું મહત્વ સમજાવ્યું**



અમરેલી,તા.૨૬

અમરેલી જિલ્લાના જરખીયા ગામમાં કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશોત્સવનું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સાંસદ ભરતભાઈ સુતરીયાએ માધ્યમિક શાળાની વિદ્યાર્થિનીઓને શાળા પ્રવેશ કરાવી તેમના શૈક્ષણિક જીવનની નવી શરૂઆત કરાવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પોતાના સંબોધનમાં ભરતભાઈ સુતરીયાએ જણાવ્યું હતું કે દીકરીઓનું શિક્ષણ પરિવાર, સમાજ અને દેશના સર્વાંગી વિકાસ માટે અત્યંત જરૂરી છે. શિક્ષિત દીકરીઓ આત્મનિર્ભર અને સશક્ત ભારતના નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમણે વધુમાં જણાવ્યું કે દરેક દીકરીને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે તે સમયની જરૂરિયાત છે અને કોઈ પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે સૌએ મળીને પ્રયાસ કરવો જોઈએ. તેમણે રાજ્ય સરકાર દ્વારા કન્યા શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે હાથ ધરવામાં આવેલા વિવિધ પ્રયાસોની પ્રશંસા કરી હતી.

# જામવાળા હત્યા કેસમાં પાંચ આરોપીઓના ચાર દિવસના રિમાન્ડ મંજૂર કરાયા

ઉના,તા.૨૬

ગીર ગઢડા તાલુકાના જામવાળા ગામમાં ૩૫ વર્ષીય મયુર વળવાતરની હત્યા કેસમાં પોલીસે ઝડપાયેલા પાંચ આરોપીઓને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. પોલીસે સાત દિવસના રિમાન્ડની માંગ કરી હતી. પ્રાથમિક તપાસ મુજબ જમવાની પાર્ટી દરમિયાન થયેલી બોલાચાલી બાદ હત્યાની ઘટના બની હતી. કરણ ડગિયા, પિયુષ ડગિયા, મહેશ ઉર્ફે દીકુ મકવાણા, અજય ગુજરિયા અને દેવા રાઠોડની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ હત્યાનું ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ કરી રહી છે. મૃતકના પરિવારજનોએ મામલતદારને આવેદન આપી આરોપીઓને કડક સજા કરવા તેમજ તેમની ગેરકાયદેસર મિલકતો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

# ઉના-ભાવનગર હાઈવે પર ૧૦૮ એમ્બ્યુલન્સ રસ્તા વચ્ચે બંધ પડી

**બે લોકોએ ધક્કો મારી એમ્બ્યુલન્સને બાજુમાં ખસેડી**




ઉના,તા.૨૬

ઉના-ભાવનગર હાઈવે પર નાઠેજ ગામ નજીક સાંજે આશરે ૫:૩૩ વાગ્યે ૧૦૮ ઈમરજન્સી સેવા વાહન અચાનક ટેકનિકલ ખામી સર્જાતા રસ્તા વચ્ચે જ બંધ પડી ગયું હતું. ઘટનાને કારણે થોડા સમય માટે વાહનવ્યવહાર પર અસર જોવા મળી હતી. ત્યાંથી પસાર થતા એક મોટરસાયકલ ચાલક અને અન્ય એક વ્યક્તિએ માનવતા દાખવી એમ્બ્યુલન્સને ધક્કો મારી રસ્તાની એક બાજુ સુરક્ષિત રીતે ખસેડી હતી. સદનસીબે તે સમયે એમ્બ્યુલન્સ કોઈ દર્દીને લઈ જતી ન હતી કે ઈમરજન્સી કોલ પર પણ ન હતી, તેથી કોઈ અનિચ્છનીય સ્થિતિ સર્જાઈ નહોતી. જોકે ઘટનાએ ૧૦૮ જેવી મહત્વની ઈમરજન્સી સેવાના વાહનોની નિયમિત જાળવણી અને સમયસર સર્વિસિંગ અંગે ગંભીર સવાલો ઉભા કર્યા છે. સ્થાનિક લોકોએ સેવા વાહનો હંમેશા કાર્યક્ષમ રહે તે માટે યોગ્ય દેખરેખ રાખવાની માંગ કરી હતી.

# ધોરાજીના તોરણીયા ગામે યુવાનનો આપઘાત, બે શખ્સો સામે ગુનો નોંધાયો

**પ્લોટ વેચ્યા બાદ ૨૧ લાખ જેવી રકમ પરત મળતી ન હોવાનો સ્યુસાઈડ નોટમાં ઉલ્લેખ**

ધોરાજી,તા.૨૬

ધોરાજી તાલુકાના તોરણીયા ગામે સચિનભાઈ ભદ્રેશરાએ પોતાના જૂના મકાનમાં ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. ઘટનાસ્થળેથી મળેલી ચિઠ્ઠીમાં તેમણે પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અને માનસિક ત્રાસથી કંટાળી આત્મહત્યા કર્યાનો ઉલ્લેખ કર્યો હતો. પત્ની જયશ્રીબેનની ફરિયાદ મુજબ, જૂનાગઢના પ્રવીણભાઈ મસાલીયા અને હર્ષદભાઈ મસાલીયાને વર્ષ ૨૦૧૧માં પ્લોટ અને મકાન વેચાણ કર્યા બાદ પણ અંદાજે ૨૧ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા ન હતા. ઉઘરાણી દરમિયાન ધમકીઓ અપાતી હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે. ધોરાજી તાલુકા પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# ઉનાના સનખડામાં લાખો રૂપિયાના ખર્ચે બિલ્ડીંગ બન્યુ પરંતુ વિદ્યાર્થીઓનો અભાવ


તસવીર : કૈલાસ ભટ્ટ

ઉના,તા.૨૬

ઉના તાલુકાના સનખડા ગામની સીમશાળા નંબર-૨માં લાખો રૂપિયાના ખર્ચે નવું બિલ્ડિંગ તૈયાર કરવામાં આવ્યું હોવા છતાં શાળામાં હાલ તાળા લાગેલા છે. સરકારનો હેતુ વાડી વિસ્તારના બાળકોને શિક્ષણ ઉપલબ્ધ કરાવવાનો હતો, પરંતુ હાલમાં એક પણ વિદ્યાર્થી અહીં અભ્યાસ કરતો નથી. નોંધાયેલા ૭ વિદ્યાર્થીઓ ગામની કુમાર અને કન્યા શાળામાં ભણવા જાય છે. વાલીઓના જણાવ્યા મુજબ શાળામાં પાણી અને વીજળી જેવી મૂળભૂત સુવિધાઓનો અભાવ છે. મળતું પાણી પણ ખારું હોવાનું જણાવાયું છે. વાલીઓએ કેટલાક શિક્ષકો દારૂનું સેવન કરીને શાળાએ આવતા હોવાના ગંભીર આક્ષેપ કર્યા છે. તાલુકા શિક્ષણાધિકારીએ આ બાબતનો સ્વીકાર કરતાં જણાવ્યું કે સંબંધિત શિક્ષકોની બદલી કરવામાં આવી છે. વાલીઓએ શાળા ફરી શરૂ કરવા અને યોગ્ય શિક્ષકોની નિમણૂંક કરવાની માંગ કરી છે.

# કોડીનારના ઘાટવડમાં ખનિજ ચોરીનો ૧૦ વર્ષથી ફરાર આરોપી અંતે પોરબંદરના ખંભાળામાંથી ઝડપાયો



કોડીનાર,તા.૨૬

કોડીનાર પોલીસને દસ વર્ષ જૂના ખનિજ ચોરીના ગુનામાં મહત્વની સફળતા મળી છે. ઘાંટવડ ગામની સીમમાંથી લાખો રૂપિયાના લાઈમસ્ટોન અને પથ્થરના ગેરકાયદે ખનનના ગુનામાં છેલ્લા દસ વર્ષથી ફરાર રહેલા આરોપીને પોલીસે પોરબંદર જિલ્લાના ખંભાળા ગામેથી ઝડપીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ ગુનામાં સંડોવાયેલા પાંચ આરોપીઓ પૈકી ચાર અગાઉ જ પકડાયા હતા, જ્યારે મુખ્ય આરોપી પરબતભાઈ વિરમભાઈ દાસા છેલ્લા દસ વર્ષથી પોલીસ પકડથી દૂર રહ્યો હતો.તપાસ દરમિયાન આરોપીનું સરનામું રાણાવાવ તાલુકાના અડવાણા ગામનું હોવાનું જાણવા મળતાં પોલીસ અનેક વખત ત્યાં તપાસ માટે પહોંચી હતી, પરંતુ આરોપી અંગે કોઈ ચોક્કસ માહિતી મળી આવી નહોતી. આ દરમિયાન, કોડીનાર પોલીસ સ્ટેશનની ટીમને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે, પરબતભાઈ દાસા અડવાણાનો નહીં પરંતુ રાણાવાવ તાલુકાના ખંભાળાનો વતની છે અને હાલ તે પોતાના વતન ખાતે હાજર છે. બાતમીના આધારે તુરંત એક્શનમાં આવેલી પોલીસે ખંભાળા ગામે આરોપીના ઘરે દરોડો પાડીને પરબતભાઈ દાસાને તેના ઘરેથી જ ઝડપી પાડ્યો હતો.

# રાજકોટમાં શ્રી ભોજલરામ ઉત્કર્ષ ભવન દ્વારા રવિવારે નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પનું સુંદર આયોજન

રાજકોટ,તા.૨૬

ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ સંચાલિત 'શ્રી ભોજલરામ ઉત્કર્ષ ભવન' દ્વારા આગામી રવિવાર, ૨૮ જૂનના રોજ સવારે ૮:૩૦ થી બપોરે ૧૨:૩૦ દરમિયાન રાજકોટના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલા ભવન ખાતે એક નિઃશુલ્ક' સર્વ રોગ નિદાન કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું છે. ચેરમેન નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાનારા આ કેમ્પમાં હૃદય રોગ, કેન્સર, સ્ત્રી રોગ અને હાડકાં જેવા વિવિધ રોગોના ૧૫થી વધુ નિષ્ણાત તબીબો જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે તબીબી સલાહ અને તપાસ પૂરી પાડશે.

આ કેમ્પમાં મોઢાના કેન્સરની ખાસ તપાસ સહિત બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને હિમોગ્લોબીનની તપાસ પણ તદ્દન મફત કરવામાં આવશે. લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના જૂના રિપોર્ટ અને ફાઈલ સાથે લાવવાની રહેશે. કેમ્પની વધુ માહિતી માટે ૯૭૧૪૦૨૬૨૬૨ અથવા ૮૪૦૧૦૮૮૦૯૦ પર સંપર્ક કરી શકાશે. આયોજકો દ્વારા જનતાને આ કેમ્પનો મહત્તમ લાભ લેવા અનુરોધ કરાયો છે.

# દ્રોણેશ્વર ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાઈ



ઉના,તા.૨૬

ગીરગઢડાના દ્રોણેશ્વર ખાતે ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની તાલુકા કક્ષાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. પ્રકૃતિના રમણીય વાતાવરણ વચ્ચે વહેલી સવારે યોગ સાધકો, વિદ્યાર્થીઓ, ગ્રામજનો તેમજ મહાનુભાવોએ ઉત્સાહપૂર્વક યોગ અને પ્રાણાયામમાં ભાગ લીધો હતો. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારકાદાસ દોમડિયા સહિતના આગેવાનોએ ઉપસ્થિત રહી યોગાભ્યાસ કર્યો હતો.આ પ્રસંગે "યોગ થકી સ્વસ્થ સમાજ"નો સંદેશ આપવામાં આવ્યો હતો.

# ઉના તાલુકાના સૈયર રાજપરા પુર સંરક્ષણ દિવાલ બનાવવામાં આવશે

**ટૂંક સમયમાં કામ શરૂ થતાં જમીન ધોવાણની સમસ્યામાં રાહત મળશે**

ઉના,તા.૨૬

ઊના તાલુકાના મહત્વના બંદર ગામ સૈયદ રાજપરામાં વર્ષોથી ભરતી અને ચોમાસા દરમિયાન રામજી મંદિર વિસ્તાર સુધી દરિયાનું પાણી ઘુસી આવતાં રહેણાંક વિસ્તારની જમીનનું ભારે ધોવાણ થતું હતું. આ કારણે અગાઉ ૭થી ૮ મકાનોને નુકસાન પહોંચ્યું હતું અને કેટલાક મકાનો ધરાશાયી પણ થયા હતા.આ સમસ્યાને લઈને ઊનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે રાજ્ય સરકાર અને મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરી હતી. જેના અનુસંધાને ગુજરાત સરકારના વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં દરિયાના પાણીના પ્રવેશને રોકવા માટે રૂ. ૭ કરોડના ખર્ચે પૂર સંરક્ષણ દીવાલ (પ્રોટેક્શન વોલ) બનાવવા મંજૂરી આપવામાં આવી છે. ક્ષાર અંકુશ વિભાગે કામગીરી ઝડપી બનાવી ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી છે. ટૂંક સમયમાં કામ શરૂ થતાં જમીન ધોવાણની સમસ્યામાં રાહત મળશે. ગ્રામજનો અને આગેવાનોએ નિર્ણયને આવકારી આભાર વ્યક્ત કર્યો છે.

# ગોંડલના આશાપુરા અને સેતુબંધ ડેમ નર્મદાના નીરથી છલોછલ ભરાશે


તસવીર : ભોજાણી દેવાંગ

ગોંડલ,તા.૨૬

ગોંડલની જીવાદોરી સમાન આશાપુરા ડેમ અને સેતુબંધ ડેમને આવનારા અઠવાડિયામાં નર્મદાના નીરથી છલોછલ ભરાશે. ગોંડલ નગરપાલિકાના સત્તાધીશો દ્વારા શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે શ્રીફળ વધેરીને નર્મદા મૈયાના નીરના વધામણાં કરવામાં આવ્યા હતા. ગોંડલના ધારાસભ્ય ગીતાબા જાડેજા તથા પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાના સતત પ્રયાસોના પરિણામે ગોંડલ શહેરને નર્મદાના નીર ફાળવવામાં આવ્યા છે. નગરપાલિકા દ્વારા આશાપુરા ડેમમાંથી સેતુબંધ ડેમમાં પાણી પહોંચાડવા માટે આધુનિક ટેકનોલોજીથી સજ્જ હાઈટેક પંપ કાર્યરત કરવામાં આવ્યો છે. આ હાઈટેક પંપ દ્વારા દર કલાકે ૨.૫ લાખ લીટર પાણી સેતુબંધ ડેમમાં ઠાલવવામાં આવી રહ્યું છે. આ વ્યવસ્થાથી શહેરના વોર્ડ નં. ૩ અને ૪ ના વિસ્તારો જેવા કે ભગવતપરા, SRP કેમ્પ વિસ્તાર, અને કોટડા સાંગાણી રોડના સ્થાનિક રહીશોને પૂરતા પ્રેશરથી અને નિયમિત પાણી પૂરું પાડી શકાશે.

સંકુલ B.Ed. ટીચીંગ સાથે
ડેઈલી TET - TAT ટીચીંગ
ડેઈલી B.Ed. ટેસ્ટ
ડેઈલી TET - TAT ટેસ્ટ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી- Ad000

# સુરત ખાતે વિચારોના વાવેતર કાર્યક્રમમાં જિજ્ઞાસા, પુરુષાર્થ અને સ્કોલરશીપ અંગે માર્ગદર્શન




**ધર્મેશભાઈ રાદડિયાએ રૂ.૨૧ લાખના દાનનો સંકલ્પ કર્યો**

સુરત,તા.૨૬

સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત દ્વારા આયોજિત ૧૬૫મા 'વિચારોના વાવેતર' કાર્યક્રમમાં કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું કે જિજ્ઞાસા વગર શીખાતું નથી અને તે જ પ્રગતિશીલ જીવનનો માર્ગ છે. તેમણે જિજ્ઞાસુ બનવા માટે વાંચન, નવું શીખવું, પ્રશ્નો પૂછવા, સંવાદ અને બાળકો સાથે રમવા જેવા ૫ ઉપાયો આપ્યા. બીજા વક્તા ઓમ શૈલેષભાઈ ડોબરીયાએ જિજ્ઞાસા, સંગત, કૃતજ્ઞતા, પુરુષાર્થ અને શ્રધ્ધાને મહાન બનવાના પાંચ સ્તંભ ગણાવ્યા.આ પ્રસંગે સેવાકીય જાહેરાતોમાં જે. બી. પટેલે દર વર્ષે ૧૦ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવાનો અને ધર્મેશભાઈ રાદડિયાએ રૂ.૨૧ લાખના દાનનો સંકલ્પ કર્યો, જે બદલ તેમનું સન્માન કરાયું. કાર્યક્રમમાં ધર્મેશ ચોવટિયાએ ગત ગુરુવારનો વિચાર રજૂ કર્યો હતો અને સમગ્ર આયોજનનું સંકલન હાર્દિક ચાંચડ તેમજ અંકિત સુરાણીએ કર્યું હતું.

# અમદાવાદમાં રદ કરાયેલી રૂ. ૫૦૦ની ૩૯ લાખની નોટો સાથે બે શખ્સ ઝડપાયા

અમદાવાદ,તા.૨૬

અમદાવાદના રામોલ પોલીસ સ્ટેશનની ટીમે મોટી કાર્યવાહી કરીને ભારત સરકાર દ્વારા રદ કરાયેલી રૂ. ૫૦૦ની જૂની નોટો સાથે બે શખ્સોની ધરપકડ કરી છે. પોલીસે તેમની પાસેથી કુલ ૭,૮૦૦ જૂની રૂ. ૫૦૦ની નોટો, જેની કુલ કિંમત રૂ. ૩૯ લાખ થાય છે, જપ્ત કરી છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે બંને આરોપીઓ આ નોટો ગાંધીનગરના શૈલેષ પટેલ નામના વ્યક્તિને પહોંચાડવા માટે મુંબઈથી અમદાવાદ આવી રહ્યા હતા. આ સમગ્ર સોદામાં તેમને ૨થી ૩ ટકા કમિશન મળવાનું હતું.રામોલ પોલીસના પીઆઈ એમ.આર. ચૌધરીના જણાવ્યા મુજબ, ડી સ્ટાફને મળેલી ચોક્કસ બાતમીના આધારે વોચ ગોઠવવામાં આવી હતી. બાતમી મુજબ બંને આરોપીઓ શહેરમાં પ્રવેશે તે પહેલાં જ પોલીસે તેમને




ઝડપી લીધા હતા. તપાસ દરમિયાન તેમની પાસેથી મોટી માત્રામાં જૂની ચલણની નોટો મળી આવી હતી. ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ ભરતસિંહ મહિડા, રહેવાસી મુંબઈ અને મેરાજૂદીન ખાન, રહેવાસી સુરત તરીકે થઈ છે. પૂછપરછમાં બંનેએ કબૂલ્યું કે તેઓ મહારાષ્ટ્રના જલગાવથી અયાનુદીન પટવે નામના વ્યક્તિ પાસેથી આ નોટો લઈને આવ્યા હતા. પોલીસે સમગ્ર નેટવર્કની તપાસ શરૂ કરી છે અને ગાંધીનગરના શૈલેષ પટેલ સહિત અન્ય સંડોવાયેલા લોકોની શોધખોળ હાથ ધરી છે. સમગ્ર મામલે વધુ તપાસ ચાલુ છે.

# રાજ્ય સાત દિવસ સારા વરસાદની રાહ જોવી પડશે :હવામાન વિભાગની આગાહી

અમદાવાદ,તા.૨૬

હવામાન વિભાગે રાજ્યના આગામી સાત દિવસના હવામાન અંગે મહત્વની માહિતી આપી છે. વિભાગના જણાવ્યા મુજબ .રાજ્ય સાત દિવસ સારા વરસાદની રાહ જોવી પડશે,રાજ્યમાં મહત્તમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર થવાની શક્યતા નથી. વરસાદી ઝાપટાં વચ્ચે તાપમાન સ્થિર રહેતા લોકોને બફારા અને ગરમીમાંથી



થોડી રાહત મળી શકે છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માના જણાવ્યા મુજબ અગાઉ પાકિસ્તાન અને ઉત્તર રાજસ્થાન ઉપર સક્રિય રહેલું સાયક્લોનિક સર્ક્યુલેશન હવે પંજાબ તરફ ખસ્યું છે. મધ્ય પ્રદેશથી અરબી સમુદ્ર સુધી વિસ્તરેલો ટ્રફ હવે મહારાષ્ટ્ર તરફ પહોંચી ગયો છે. બીજી તરફ ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર ઉપર નવું સાયક્લોનિક સર્ક્યુલેશન બન્યું છે જ્યારે રાજસ્થાનથી છત્તીસગઢ થઈ ઓડિશા સુધી બીજો ટ્રફ સક્રિય છે. આ તમામ હવામાની સિસ્ટમોની અસરને કારણે ગુજરાત અને કચ્છના વિવિધ વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

# રાજકોટના શાપર જીઆઈડીસીમાંથી યુવકનો રહસ્યમય મૃતદેહ મળી આવતા ખળભળાટ

રાજકોટ,તા.૨૬

રાજકોટના શાપર-વેરાવળ જીઆઈડીસી વિસ્તારમાં આવેલ મસ્કત ફાટક નજીકની અવાવરુ જગ્યામાંથી ૨૦ થી ૨૫ વર્ષના એક અજાણ્યા યુવકનો ચાર-પાંચ દિવસ જૂનો, કોહવાઈ ગયેલો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. ઘટનાસ્થળેથી દુર્ગંધ આવતા સ્થાનિક લોકોએ પોલીસને જાણ કરી હતી. આ મામલામાં સૌથી ચોંકાવનારી બાબત એ છે કે મૃતક યુવકે સ્ત્રીઓ જેવા લાંબા વાળ રાખ્યા હતા તેમજ પગમાં ઝાંઝરી અને હાથમાં બંગડી જેવા મહિલાઓના દાગીના પહેર્યા હતા. તેની આ રહસ્યમય વેશભૂષા જોઈને શરૂઆતમાં પોલીસ પણ છેતરાઈ ગઈ હતી અને તેને કોઈ મહિલાનો મૃતદેહ સમજી બેઠી હતી, પરંતુ ઝીણવટભરી તપાસમાં તે યુવક હોવાનું બહાર આવ્યું હતું. હાલ પોલીસે મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડ્યો છે અને રિપોર્ટ આવ્યા બાદ હત્યા થઈ છે કે કેમ તે દિશામાં તપાસ હાથ ધરી છે.

# ધંધુકાસહિત ગ્રામ્ય વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદથી ઠંડક પ્રસરી

અમદાવાદ,તા.૨૬

અમદાવાદ જિલ્લામાં લાંબા વિરામ બાદ મેઘરાજાએ ધમાકેદાર પુનઃ પધરામણી કરી છે. જિલ્લાના ધંધુકા તાલુકા અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ભારે પવન તથા ગાજવીજ સાથે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. ધંધુકાના ઊંચડી વિસ્તારમાં માત્ર થોડા જ સમયમાં અંદાજે ૧.૫ ઈંચ



જેટલો વરસાદ ખાબકતાં ગામના મુખ્ય માર્ગો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા અને રસ્તાઓ નદી જેવા ભાસતા હતા. ઊંચડી ઉપરાંત ચંદરવા, ઊંચડી સાલાસર, બાજરડા, સરવાળ અને ઝાંઝરકા સહિતના અનેક ગામોમાં પણ તેજ પવન સાથે સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. આ વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારો અને ખેતરોમાં પાણી ભરાઈ ગયા છે. લાંબા સમયના ઉકળાટ અને અસહ્ય ગરમી બાદ પડેલા આ વરસાદથી સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી ગઈ છે અને લોકોને મોટી રાહત મળી છે. જોકે, અગાઉ પણ સારો વરસાદ થઈ ચૂક્યો હોવાથી, આ નવા વરસાદથી ખેતીના પાકને ક્યાંક ફાયદો તો ક્યાંક નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ બે દિવસ ગુજરાતના પ્રવાસે આવશે

અમદાવાદ, તા.૨૬

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ બે દિવસ માટે ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે, જ્યાં તેઓ વિવિધ વહીવટી અને જાહેર કાર્યક્રમોમાં ભાગ લેશે. શનિવારે સવારે ૧૧ વાગ્યે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેથી તેઓ સહકાર આધારિત ટેક્સી સેવાનો શુભારંભ કરાવશે. ત્યારબાદ બપોરે ૧ વાગ્યે ગાંધીનગર સર્કિટ હાઉસમાં વિકાસલક્ષી સમીક્ષા બેઠક યોજાશે. સાંજે ૪:૪૫ વાગ્યે અમદાવાદ સર્કિટ હાઉસ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા બાદ, સાંજે ૬:૩૦ વાગ્યે રાણીપ વિસ્તારમાં આયોજિત લોક દરબારમાં તેઓ નાગરિકો સાથે સીધો સંવાદ કરશે.

આ પ્રવાસ રાજ્યના વિકાસ, જનસંપર્ક અને વહીવટી સમીક્ષાની દ્રષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે.

# ગુજરાત સરકારની ઊર્જા બચત ઝુંબેશ શરૂ

ગાંધીનગર,તા.૨૬

ગ્લોબલ વૉર્મિંગ અને વીજળીની વધતી માંગને પહોંચી વળવા ગુજરાત સરકારના ઊર્જા અને માર્ગ-મકાન વિભાગે રાજ્યની તમામ સરકારી તથા અર્ધસરકારી કચેરીઓમાં વ્યાપક ઊર્જા બચત ઝુંબેશ શરૂ કરી છે. નાણાકીય અને પર્યાવરણીય લક્ષ્યાંકો સિધ્ધ કરવાનો આ મુખ્ય ઉદ્દેશ છે.નવા નિયમો મુજબ, ઓફિસ સમય બાદ અને જાહેર રજાના દિવસોમાં તમામ વીજ ઉપકરણો ફરજિયાત બંધ રાખવાના રહેશે. કચેરીઓમાં એસીનું તાપમાન ફરજિયાત ૨૪ ડિગ્રી સેલ્સિયસ નિર્ધારિત કરાયું છે.






# રાજ્યમાં ડ્રગ્સ માફીયાઓ સામે કાર્યવાહી, છેલ્લાં પાંચ વર્ષમાં ૫૩૪૬ આરોપીની ધરપકડ

ગાંધીનગર,તા.૨૬

આંતરરાષ્ટ્રીય ડ્રગ વિરોધી દિવસે ગુજરાત પોલીસે નશાના કારોબાર સામે 'ઝીરો ટોલરન્સ'નીતિ હેઠળ મોટી સફળતા જાહેર કરી છે.

રાજ્યના પોલીસ વડા જી. એસ. મલિકના જણાવ્યા મુજબ, છેલ્લા ૫ વર્ષમાં ૩,૭૦૦થી વધુ ગુના નોંધી



૫,૩૪૬ આરોપીઓની ધરપકડ કરાઈ છે અને રૂ. ૧૩,૬૦૦ કરોડની કિંમતનો ૧.૩૬ લાખ કિલોગ્રામથી વધુનો ડ્રગ્સનો જથ્થો જપ્ત કરાયો છે. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ ડ્રગ રિવોર્ડ પોલિસી, આઉટ-ઓફ-ટર્ન પ્રમોશન અને એઆઈ આધારિત નેરીટ સોફ્ટવેર જેવી આધુનિક તકનીકો અપનાવનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે.

# મહેસાણામાં જમીન માપણીના નામે રૂ.૧.૯૦ લાખની લાંચ માંગનાર ઝડપાયો

મહેસાણા,તા.૨૬

ગુજરાતમાં ભ્રષ્ટાચારી અધિકારીઓ સામે એસીબીએ સકંજો કસ્યો છે. મહેસાણામાં જમીનની માપણી કરી સત્તાવાર નકશો બનાવી આપવા માટે ડીઆઈએલઆર કચેરીના લાયસન્સી સર્વેયર આશિષ પરમારે એક અરજદાર પાસે ૧.૯૦ લાખ રૂપિયાની લાંચ માંગી હતી. અરજદાર લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે ગાંધીનગર એસીબીનો સંપર્ક કર્યો હતો. ફરિયાદના આધારે એસીબીની ટીમે મહેસાણાના જૂની કોર્ટ કેમ્પસમાં છટકું ગોઠવ્યું હતું. જ્યાં લાંચના પ્રથમ હપ્તા પેટે ૭૦ હજાર રૂપિયા રોકડા લેતાં સર્વેયર આશિષ પરમારને એસીબીએ રંગેહાથ ઝડપી લીધો હતો. આરોપી વિરુધ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ કડક કાર્યવાહીથી સ્થાનિક સરકારી વિભાગોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.






# વડોદરામાં હાઈટેક ભોંયરામાંથી દારૂ ઝડપાયો

વડોદરા,તા.૨૬

વડોદરાના વાઘોડિયા રોડ પર આવેલી જાનકી ડુપ્લેક્સમાં એલસીબી ઝોન-૩ની ટીમે દરોડો પાડીને વેક્યૂમ પ્લેટથી ખુલતું હાઈટેક ગપ્ત ભોંયરું શોધી કાઢ્યું છે. પોલીસે આ ભોંયરામાંથી રૂ.૩.૨૬ લાખની કિંમતની ૨૪ નામાંકિત બ્રાન્ડની ૩૨૨ વિદેશી દારૂ અને બિયરની બોટલો જપ્ત કરી છે. સ્થળ પરથી આરોપી શૈલેષ કહારની ધરપકડ કરાઈ છે, જ્યારે ચેતન કહારને વોન્ટેડ જાહેર કરાયો છે. પાણીગેટ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.